Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૯

## બે નયોના ઉપદેશનું તાત્પર્ય

**ભૂતાર્થ સ્વભાવથી વિમુખ પરિણામ તે સંસાર.**
**ભૂતાર્થ સ્વભાવની સન્મુખ પરિણામ તે મોક્ષમાર્ગ.**

ભૂતાર્થરૂપ આત્મસ્વભાવને નહિ જાણનારા જીવોને તેનું સ્વરૂપ સમજાવવા આચાર્યભગવંતો વ્યવહારદ્વારા તે પરમાર્થનો ઉપદેશ આપે છે. પણ તેનો આશય સમજીને જે પરમાર્થસ્વભાવની સન્મુખ થાય તે જ પરમાર્થને સમજે છે, ને તેને જ સાચી દેશના પરિણમે છે એટલે કે મોક્ષમાર્ગ થાય છે.

પણ જે જીવ વ્યવહારઉપદેશને જ પરમાર્થ માનીને તે વ્યવહારમાં જ અટકી જાય છે તે જીવ પરમાર્થસ્વરૂપને સમજી શકતો નથી, એટલે દેશનાનો જે આશય હતો (-પરમાર્થ-સ્વરૂપની સન્મુખ થવાનો-) -તેને તે સમજ્યો નથી; તેથી તેના પરિણામ પરમાર્થસ્વરૂપથી વિમુખ જ રહ્યા; પરમાર્થસ્વરૂપથી વિમુખ પરિણામ તે સંસાર જ છે.

(પુરુષાર્થ સિદ્ધિઉપાયના પ્રવચનમાંથી)

卐 卐 卐

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૩, પોષ (લવાજમ : ત્રણ રૂપિયા) વર્ષ ૨૪ : અંક ૩
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## સમ્પાદકીય

# આપણે સૌ સાધર્મી

દુનિયામાં માતા-પુત્ર, અથવા ભાઈ-બેનનો સંબંધ નિર્દોષ ને ઉત્તમ છે, પણ સાધર્મીનો સંબંધ તો એના કરતાંય ઘણું ઊંચું સ્થાન ધરાવે છે,-એટલે તો પ્રસિદ્ધ છે કે 'સાચું સગપણ સાધર્મીતણું.' એની તુલનામાં આવે એવો કોઈ સંબંધ હોય તો તે એક જ છે-ગુરુ અને શિષ્યનો; -પરંતુ ગુરુ-શિષ્યનો આ સંબંધ પણ અંતે તો સાધર્મીના સગપણમાં જ સમાય છે, કેમકે એક જ ધર્મને માનનારાઓમાં જે મોટા તે ગુરુ, ને નાનો તે શિષ્ય. એટલે 'સાચું સગપણ સાધર્મીતણું'-એની સૌથી ઉત્કૃષ્ટતા છે.

એક રાષ્ટ્રમાં રહેનારા વિધર્મીઓ પણ રાષ્ટ્રીયભાવના વડે એકબીજાને ભાઈ ભાઈ સમજવામાં ગૌરવ અનુભવે છે, તો એક જિનશાસનની છાયામાં રહેનારા, ને એક જ દેવ ગુરુ ધર્મને ઉપાસનારાઓમાં ધાર્મિકભાવના વડે પરસ્પર જે બંધુત્વનું નિર્દોષ વાત્સલ્ય વર્તતું હોય છે, અને 'આ મારો સાધર્મી ભાઈ-બહેન કે માતા છે' એવું કહેતાં એના અંતરમાં જે નિર્દોષ ભાવના અને ધાર્મિક ગૌરવ વર્તે છે-તેની તુલના જગતનો એકેય સંબંધ કરી શકે તેમ નથી.

આપણો ધર્મ તો વીતરાગધર્મ! તેમાં સાધર્મી-સાધર્મીના સંબંધની ઉત્કૃષ્ટતાનું બીજું કારણ એ છે કે તેમાં એકબીજાના સંબંધથી માત્ર ધાર્મિકભાવનાની પુષ્ટિ સિવાય બીજી કોઈ આશા કે અભિલાષા હોતી નથી. મને જે ધર્મ વહાલો લાગ્યો તે જ ધર્મ મારા સાધર્મીને વહાલો લાગ્યો, એટલે તેણે મારી ધર્મભાવનાને પુષ્ટ કરી...ને એની ધર્મભાવનાને હું પુષ્ટ કરું. -આમ અરસ્પરસ ધર્મપુષ્ટિની નિર્દોષ ભાવના વડે શોભતું ધર્મવાત્સલ્ય જગતમાં જયવંત હો.

[આપણા આત્મધર્મના ચાર ઉદ્દેશમાં એક "વાત્સલ્યનો વિસ્તાર" એ ઉદ્દેશ છે. તેને અનુલક્ષીને "આપણે સૌ સાધર્મી" એ લેખ અહીં રજૂ થાય છે. સમસ્ત સાધર્મી બંધુઓ પણ આ સંબંધમાં પોતાના ઉત્તમ વિચારો લખી મોકલે એવું હાર્દિક નિમંત્રણ છે. વાત્સલ્યપોષક ઉત્તમ વિચારો અહીં રજૂ થતા રહેશે.)

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

વી. સં. ૨૪૯૩
પોષ

* વર્ષ ૨૪ : અંક ૩ *

# સ્વપ્રયોજનને સાધે તે સાચો પુરુષ

ચેતના વગેરે સ્વગુણનું જે પુર–તેમાં જે સુએ તેને પુરુષ કહે છે. નિજગુણની ચેતનાનો સ્વામી થઈને તેના આનંદને જે આત્મા ભોગવે છે તે જ સ્વપ્રયોજનને સાધનાર પુરુષાર્થી છે. જે જીવ રાગમાં લીન થઈને સ્વગુણને ભૂલે છે, તે સ્વપ્રયોજનરૂપ અર્થને સાધી શકતો નથી તેથી તેને ખરેખર પુરુષ કહેતા નથી. 'પુરુષ' પણું એ કાંઈ દેહમાં નથી પણ ચૈતન્ય–પરિણતિરૂપ નિજપુરનો સ્વામી થઈને તેમાં એકત્વપણે પરિણમે તે આત્માને જ અહીં પુરુષ કહ્યો છે; ને તે પુરુષ સમ્યક્ત્વાદિ ઉપાય વડે પોતાના અર્થને–પ્રયોજનને સિદ્ધ કરે છે,–તેની આ વાત છે, એટલે કે પુરુષના અર્થની સિદ્ધિના ઉપાયનું આ વર્ણન છે.

'અજિત'નાથની સ્તુતિ કરતાં ભક્ત કહે છે કે હે નાથ! રાગદ્વેષને આપે જીતી લીધા, રાગ–દ્વેષવડે આપ ન જીતાયા–તેથી આપ ખરા અજિત છો, આપ ખરા પુરુષાર્થવાન–પુરુષ છો...પરંતુ રાગવડે જે જીવ જીતાઈ જાય–હારી જાય તેને પુરુષ કોણ કહે? નિજગુણના ઉપભોગરૂપ સ્વગુણની શુદ્ધપરિણતિનો સ્વામી થઈને વર્તવાને બદલે તે તો રાગનો દાસ થઈને રહ્યો, –એને પુરુષ કોણ કહે? પ્રભો! તારી સુવાની સોડય તો અનંતગુણની શુદ્ધચેતનામાં છે. નિજગુણના નિર્મળ પુરમાં જે સુએ તે પુરુષ છે. એ જ પોતાના સાચા પ્રયોજનરૂપ અર્થને સાધી શકે છે. પુરુષના સ્વપ્રયોજનરૂપ અર્થની સિદ્ધિનો જે ઉપાય તે 'પુરુષાર્થસિદ્ધિઉપાય' છે; રત્નત્રય તે જ પુરુષના અર્થની સિદ્ધિનો ઉપાય છે, એનું વર્ણન અમૃતચંદ્રસ્વામીએ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કર્યું છે. એવા ઉપાય વડે જે પોતાના પ્રયોજનને સાધે તે જ સાચો પુરુષ છે.

(પુરુષાર્થ સિદ્ધિઉપાયના પ્રવચનમાંથી)

# આત્મ – પ્રકાશ

**પૂ. ગુરુદેવને અત્યંત પ્રિય અને આત્મઅનુભવની ખાસ પ્રેરક એવી ૪૭ આત્મશક્તિઓ ઉપરના પ્રવચનો “આત્મવૈભવ” નામના પુસ્તકરૂપે છપાઈ રહ્યા છે. તેમાંથી એક પ્રકરણનો થોડોક નમૂનો અહીં આપીએ છીએ-જે વાંચીને સૌને આનંદ થશે.**

* * *

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક પ્રકાશ શક્તિ છે, આ શક્તિના બળથી આત્મા પરની સહાય વગર–રાગ વગર પોતે પોતાને સ્પષ્ટ પ્રત્યક્ષ પ્રકાશે છે ને સ્વાનુભવ કરે છે. આ શક્તિનો અચિંત્ય મહિમા છે.

જ્યારે જે શક્તિ આવે ત્યારે તેનાં ગાણાં ગવાય. બાકી તો દરેક શક્તિ આખા આત્માને પ્રસિદ્ધ કરનારી છે; દરેક શક્તિ પોતાના પૂર્ણ સામર્થ્યથી ભરેલી છે ને વિકારના અભાવરૂપ છે. એક શક્તિને જુદી પાડીને તેનો આશ્રય કરી શકાય નહિ. શક્તિ અને શક્તિમાન જુદા નથી, ગુણ અને ગુણી જુદા નથી, એટલે દ્રવ્યની શક્તિનું કે ગુણનું સ્વરૂપ ઓળખતાં અનંતધર્મસંપન્ન આખું દ્રવ્ય ઓળખાઈ જાય છે, ને તેની પ્રતીત વડે સમ્યગ્દર્શન થાય છે. એમાં ક્યાંય વચ્ચે રાગનું કે નિમિત્તનું અવલંબન નથી. તેના અવલંબન વગર આત્મા પોતે જ પોતાને સ્પષ્ટ એટલે કે પ્રત્યક્ષ પ્રકાશે છે એવો તેનો પ્રકાશસ્વભાવ છે.

આમાં બે વાત આવી–એક તો સ્વાનુભવમાં આત્મા પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે અને તે સ્વાનુભવ સ્વયં પ્રકાશમાન છે, તેમાં આત્મા સિવાય બીજા કોઈનો હાથ નથી. આવા સ્વસંવેદનની તાકાતવાળો આત્મા છે.

કોઈ કહે કે આત્મા ન જણાય ?

તો અહીં કહે છે કે ભાઈ, આત્મા પોતે પોતાને સ્વાનુભવમાં પ્રત્યક્ષ જણાય એવો તો એનો સ્વભાવ જ છે, અને તેમાં કોઈ બીજાની જરૂર ન પડે એવો સ્વયં

પ્રકાશમાન સ્વભાવ છે. દીવો પોતે જ પ્રકાશી રહ્યો છે કે હું દીવો છું, દીવાને દેખવા માટે બીજા દીવાની જરૂર નથી પડતી, તેમ આ આત્મા ચૈતન્યપ્રકાશી દીવો પોતે જ પોતાને સ્વસંવેદનમાં પ્રકાશી રહ્યો છે, જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશી રહ્યું છે કે હું જ્ઞાન છું, –આ રીતે આત્મા સ્વયં પ્રકાશમાન છે, એને પ્રકાશવા માટે કોઈ બીજા જ્ઞાનની જરૂર નથી પડતી. રાગની કે ઇન્દ્રિયોની તો વાત જ ક્યાં રહી? તે તો અંધકારરૂપ છે, ચેતનપ્રકાશમાં તેનો અભાવ છે.

કોઈ કહે કે આત્મા પોતે પોતાને ન જાણે. –અરે ભાઈ! તો તો આત્મા સ્વયં પ્રકાશમાન ન રહ્યો! અહીં તો ભગવાન કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે; અને પોતાને પણ જ્ઞાનને અંતર્મુખ કરીને સ્પષ્ટ સ્વસંવેદન થાય છે કે મારો આત્મા મારા વેદનમાં આવ્યો. આત્મા ઉપયોગસ્વરૂપ છે, તેના ઉપયોગમાં ઉપયોગ જ છે ને ઉપયોગમાં રાગાદિ નથી–એમ ધર્મી જીવ ભેદજ્ઞાન વડે પોતે પોતાને સ્પષ્ટ અનુભવે છે. હા, એટલું ખરું કે રાગવડે અથવા ઇન્દ્રિયો તરફના જ્ઞાનવડે આત્મા કદી અનુભવમાં આવી શકે નહિ; પણ રાગથી ને ઇન્દ્રિયોથી પાર એવા અન્તર્મુખ ઉપયોગ વડે તો આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે, ને એ અનુભવમાં પરમઆનંદ થાય છે. આવો સાક્ષાત્ અનુભવ કરવો તે પ્રકાશશક્તિનું કાર્ય છે.

રાગાદિ આસ્રવોમાં એવી તાકાત નથી કે પોતે પોતાને પ્રકાશે; જ્ઞાનમાં જ એવી તાકાત છે કે પોતે પોતાને પ્રકાશે. રાગને ખબર નથી કે હું રાગ છું, એને પ્રકાશનારું તો જ્ઞાન છે. જ્ઞાનને ખબર છે કે હું જ્ઞાન છું ને આ રાગ છે; એમ સ્વ–પર બંનેને પ્રકાશનારું જ્ઞાન જ છે.

શ્રીગુરુના ઉપદેશથી આત્માનું સ્વરૂપ સમજીને જે રત્નત્રયરૂપ પરિણમ્યો ને 'આત્મારામ' થયો તેને પોતાના સ્વરૂપનું સંચેતન કેવું હોય તે બતાવતાં ૩૮ મી ગાથામાં કહે છે કે હું ચિન્માત્રજ્યોતિ આત્મા ખરેખર આત્મ–પ્રત્યક્ષ છું, મારા આત્માના સ્વસંવેદન–પ્રત્યક્ષથી હું મને અનુભવું છું. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને પણ એવું સ્વસંવેદન થયું છે. અહા, આ સ્વસંવેદનનો અપાર મહિમા છે, બધા ગુણોનો રસ સ્વસંવેદનમાં સમાય છે; સ્વસંવેદનવડે મોક્ષનાં દ્વાર ખુલી જાય છે. શરૂઆતના મંગલાચરણમાં જ 'स्वानुभूत्या चकासते' એમ કહીને શુદ્ધ આત્મા સ્વાનુભૂતિ વડે પ્રકાશે છે એટલે કે અનુભવમાં આવે છે–એમ બતાવ્યું હતું. અહીં પ્રકાશશક્તિમાં

પણ એ જ કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે, આત્માનું સ્વસંવેદન–સ્વાનુભવ તેમાં બીજા કોઈનું અવલંબન નથી. તે સ્વયં પોતાની મેળે જ પોતાને પ્રકાશે છે.

અહા, આત્માનો પ્રકાશસ્વભાવ તો એકદમ સ્પષ્ટ સ્વસંવેદનરૂપ કાર્ય બતાવે છે; એમાં જરાય પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને કે પરને જાણે તેમાં તેને રાગનું, નિમિત્તનું કે બીજા કોઈનું અવલંબન લેવું પડે એવો તેનો સ્વભાવ નથી; કોઈના અવલંબન વગર સ્પષ્ટ–પ્રત્યક્ષપણે પ્રકાશે એવો એનો પ્રકાશસ્વભાવ છે. પોતે પોતાથી સ્વયં પ્રકાશનારો છે. પોતાની સ્વાનુભૂતિથી જ પોતે પોતાને પ્રકાશી રહ્યો છે. તેમાં બીજા કોઈનું અવલંબન નથી.

આવું સ્વયંપ્રકાશીપણું એ આત્માનો વૈભવ છે, આત્માની એ સાચી સંપદા છે. શરૂઆતમાં આચાર્ય ભગવાને ( પાંચમી ગાથામાં ) કહ્યું હતું કે સુંદર આનંદની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન, તેના વડે મારો આત્મવૈભવ પ્રગટ થયો છે, અને મારા સમસ્ત આત્મવૈભવવડે હું આ સમયસારમાં એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા દેખાડું છું. તમે તમારા સ્વાનુભવ–પ્રત્યક્ષવડે તે પ્રમાણ કરજો. જુઓ, સાધકના શ્રુતજ્ઞાનમાં પણ આત્માને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરવાની તાકાત છે. સ્વયં પ્રકાશમાન અને સ્પષ્ટ એવું આત્માનું સ્વસંવેદન શ્રુતજ્ઞાનવડે થઈ શકે છે, ને એવું સ્વસંવેદન કરે ત્યારે જ સાચું આત્મજ્ઞાન થાય છે ને ત્યારે જ ધર્મ થાય છે. એ સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, અનંતગુણની નિર્મળતા તેમાં પરિણમે છે.

આત્માને કેમ જાણવો તેની આ વાત છે. અહા, તું પોતે કેવો, ને કેવડો ? તે જાણ્યા વિના તને તારો મહિમા ક્યાંથી આવશે ? મહિમા આવ્યા વગર સ્વસન્મુખતા ક્યાંથી થશે ? અને સ્વસન્મુખતા વગર સમ્યગ્દર્શન ક્યાંથી થશે ? સમ્યગ્દર્શન વગર સુખનો રાહ ક્યાંથી હાથ આવશે ? માટે હે ભાઈ ! તારું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લઈને તેનો મહિમા કર. સ્વનો મહિમા જાગતાં પરનો મહિમા ઊડી જશે, એટલે સ્વ–પરનું ભેદજ્ઞાન થઈને સ્વસન્મુખતા થશે; સ્વસન્મુખ સ્વસંવેદનમાં તારો આત્મા સ્વયં પ્રકાશમાન થશે એટલે કે આનંદસહિત અનુભવમાં આવશે. સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવાની ને સુખી થવાની આ રીત છે. સુખના રાહ અંદરમાં સમાય છે. બહારમાં કાંઈ નથી.

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

[ વીર સં. ૨૪૮૨, અષાઢ વદ ૧૨ : સમાધિશતક ગા. ૭૭ ]

( અંક ૨૭૮ થી ચાલુ ) 卐 卐 ( લેખાંક ૪૪મો )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

જેને આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિ થઈ છે ને દેહાદિને પોતાથી જુદા જાણ્યા છે એવા અંતરાત્માને મરણપ્રસંગ આવતાં શું થાય છે તે હવે કહે છે–

आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।
मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम् ।।७७।।

ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેમાં જ જેણે એકત્વબુદ્ધિ કરી છે, ને દેહની ગતિ–પરિણતિને પોતાથી અન્ય જાણી છે–એવા ધર્માત્માને દેહ છૂટવાના પ્રસંગ આવતાં પણ તે નિર્ભય રહે છે, હું મરી જઈશ એવો ભય તેને થતો નથી, તે તો જેમ એક વસ્ત્ર છોડીને બીજું વસ્ત્ર ગ્રહણ કરવામાં આવે તેમ મરણને પણ ફક્ત દેહનું રૂપાંતર જાણે છે. એક શરીર પલટીને બીજું શરીર આવે, તે બંને શરીરોથી પોતાના આત્માને જુદો જાણે છે.

ધર્મી અંતરાત્મા પોતાના જ્ઞાનપરિણમનને જ પોતાનું જાણે છે, શરીરના પરિણમનને તે પોતાનું નથી જાણતા, તેને તો તે જડનું પરિણમન જાણે છે. શરીરની ઉત્પત્તિ, બાલ–યુવાન–વૃદ્ધ અવસ્થાઓ કે મરણ તે બધાયથી હું જુદો છું, હું તો જ્ઞાનસ્વરૂપ છું; શરીર છૂટતાં મારું જ્ઞાન છૂટતું નથી માટે મારું મરણ નથી, એવા ભાનમાં ધર્માત્માને મરણનો ભય નથી. એક શરીર બદલીને બીજું આવ્યું, ત્યાં મને શું? હું તો સળંગપણે રહેનાર જ્ઞાનસ્વરૂપ જ છું. જેમ વસ્ત્ર પલટતાં માણસ દુઃખી થતો નથી તેમ શરીરને વસ્ત્રની માફક પોતાથી ભિન્ન જાણનાર જ્ઞાનીને શરીર પલટતાં દુઃખ નથી થતું. હજી તો આ શરીર અહીં ભડભડ બળતું હોય તે પહેલાં તો આત્મા સ્વર્ગમાં ઉપજી ગયો હોય. એ શરીરની ક્રિયાઓનું સ્વામીપણું આત્માને નથી–એમ પહેલેથી જ્ઞાનીએ દેહની ભિન્નતા જાણી છે. મારા વિવિધ પરિણામને લીધે શરીરની વિવિધ પરિણતિ થાય છે એમ ધર્મી માનતા નથી. ધર્મી તો જ્ઞાનપરિણામને જ પોતાનું કાર્ય જાણે છે, એટલે કે તે જ્ઞાતાપણે જ રહે છે.

આ શરીર સાથે એકક્ષેત્રે રહેવારૂપ નીકટ સંબંધ હોવા છતાં આત્માથી તે તદ્દન ભિન્ન છે. દેહનું કાર્ય દેહ કરે ને આત્માનું કાર્ય આત્મા કરે–એમ જ્ઞાની બંનેના કાર્યોને ભિન્ન ભિન્ન દેખે છે; અજ્ઞાની તો 'હું બોલ્યો, હું ચાલ્યો'–એમ આત્મા અને શરીર બંનેના કાર્યોને એકપણે જ દેખે છે. ધર્માત્મા જાણે છે કે શરીર અને સંયોગો તે બધા મારાથી જુદા છે, તે બધા અહીં પડયા રહેશે, મારી સાથે એક પગલું પણ નહિ આવે; મારા શ્રદ્ધા–જ્ઞાન–આનંદ જ મારી સાથે સદા રહેનારા છે. –આવા ભાનપૂર્વક ધર્મી શ્રદ્ધા–જ્ઞાનને સાથે લઈ જાય છે એટલે કે સમાધિ– મરણ કરે છે. શરીરના ત્યાગ–ગ્રહણને તે વસ્ત્રના ત્યાગ–ગ્રહણની માફક જાણે છે. ઝૂંપડીના નાશથી માણસ મરી જતો નથી તેમ આ શરીરરૂપી ઝૂંપડીના નાશથી કાંઈ આત્માનો નાશ થતો નથી. –આવું ભેદજ્ઞાન કરીને જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના જેણે ભાવી છે એવા ધર્માત્માને મરણ પ્રસંગે પણ સમાધિ જ રહે છે.

પ્રભો! એકવાર દ્રષ્ટિની ગુલાંટ મારીને આમ અંતરમાં ચૈતન્યસ્વભાવ ઉપર નજર માંડ. આ દેહ અને સંયોગો એ કોઈ તને શરણું નહિ આપે, માટે તેની દ્રષ્ટિ છોડ, ને શરણભૂત એવા ચૈતન્યને જ દ્રષ્ટિમાં લે...તો તને ગમે તે ક્ષણે ચૈતન્યના શરણે સમાધિ જ રહેશે. ।। ૭૭।।

હવે આ ૭૮ મી ગાથા સરસ છે; તેમાં કહે છે કે જે જીવ વ્યવહારનો–રાગાદિનો આદર કરતો નથી તે જ આત્મબોધને પામે છે, અને જે જીવ વ્યવહારનો આદર કરે છે તે જીવ આત્મબોધ પામતો નથી.

[સૂચનાઃ શરતચૂકથી આ લેખમાળાના બે લેખો આ એક જ અંકમાં છપાઈ ગયા છે.]

મોક્ષની સ્થિતિ અનંતકાળની હોય છે, પણ બંધની સ્થિતિ અનંતકાળની હોતી નથી. કોઈ પણ બંધન અસંખ્યાત વર્ષ કરતાં વધારે સ્થિતિનું હોઈ શકે નહિ...અમુક કાળે છૂટી જ જાય, કેમકે તે આત્મસ્વરૂપ નથી.

* * *

દેહરહિત એવા સિદ્ધપદની સ્થિતિ અનંતકાળની છે, પણ કોઈ દેહની સ્થિતિ અનંતકાળની હોતી નથી, મર્યાદિતકાળે તે છૂટી જાય છે; –કેમકે દેહ તે જીવ નથી.

* * *

# ચૈતન્યરાજા સ્વાનુભવથી શોભે છે

[ રાજાઓનો પણ રાજા એવો આ ચૈતન્યમહારાજા, તેની સન્મુખ થઈને તેની સેવા કરતાં તે પ્રસન્ન થાય છે ને આનંદનો અનુભવ આપે છે. ...ઘણાય ધર્માત્માઓએ અંતરમાં આવા આત્માનો અનુભવ કર્યો છે; પોતે જાતે અનુભવ કરીને કહે છે કે તમે પણ જો આત્માની લગની લગાડીને, અને સંસારના કોલાહલનો રસ છોડીને અંતરમાં ઉદ્યમ કરો તો તમને પણ જરૂર અમારી જેમ આત્માનો અનુભવ થશે. ]

આચાર્યદેવ કહે છે કે અરે જીવ! જેમ અનાદિથી તને શરીરનાં કામ હું કરું ને શુભ રાગથી ધર્મ થાય–એવી બહારની ધૂન લાગી છે, તેમ એકવાર અમે કહીએ છીએ તેવા ભિન્ન આત્માના અનુભવની તો ધૂન લગાડ. આવા આત્માનો રસિક થઈને તેના અનુભવનો ઉદ્યમ કર, તો તને જરૂર તેની પ્રાપ્તિ તારા અંતરમાં થશે. આત્માની પ્રાપ્તિ ન થાય–એ તે કાંઈ શોભે? અરે, એક સારા રાજા પાસે જઈને તેની સેવા કરે તો તે પણ પ્રસન્ન થઈને ન્યાલ કરે છે, તો જગતના રાજાઓનો પણ રાજા–એવો આ આત્મરાજા–ચૈતન્યમહારાજા, તેની સન્મુખ થઈને તેની સેવા કરે (તેના શ્રદ્ધા–જ્ઞાનનો ઉદ્યમ કરે) અને તે પ્રસન્ન થઈને સાક્ષાત્ આનંદનો અનુભવ ન આપે–એ તે કાંઈ શોભતું હશે? –ન શોભે. ચૈતન્ય રાજાની સેવા કરતાં તે સાક્ષાત્ દર્શન આપે જ, તેનો અનુભવ થાય જ, ને સ્વાનુભવથી આત્મા શોભી ઊઠે–એવો આત્મા છે.

અહા, આત્મા તો સર્વજ્ઞ–સમરસી વસ્તુ છે, વીતરાગમૂર્તિ ને જ્ઞાનમૂર્તિ છે; બીજો કોલાહલ ને બીજા વિકલ્પો છોડીને આવા આત્માનો પ્રેમ પ્રગટ કરે તો જરૂર સમ્યગ્દર્શન થાય; વીતરાગતા ને સર્વજ્ઞતા થાય.

- જેનામાં જ્ઞાન ભર્યું છે તેનું જ્ઞાન કર!
- જેનામાં વીતરાગતા ભરી છે તેને વીતરાગભાવવડે સાધ. રાગ વડે તે નહિ સધાય, રાગ વડે તે નહિ જણાય.

અહો, ચૈતન્યની પ્રાપ્તિનો પ્રયત્ન કરે ને તેની પ્રાપ્તિ ન થાય–તે શોભે નહિ. સાચો પુરુષાર્થ કરે ને તેનું કાર્ય ન પ્રગટે તો તો જગતમાં કારણ–કાર્યનો મેળ તૂટી જાય, –એ

તે કેમ શોભે ? અંતરના સાચા પુરુષાર્થ વડે તેની પ્રાપ્તિ થાય જ.

સમવસરણની શોભા વચ્ચે તીર્થંકર ભગવાને ઇન્દ્રો અને ચક્રવર્તીને આવા આત્માના સુંદર અનુભવનો ઉપદેશ આપ્યો હતો ને અત્યારે પણ સીમંધરભગવાન આવો ઉપદેશ વિદેહક્ષેત્રમાં આપી રહ્યા છે.

ઇન્દ્ર અને ચક્રવર્તીને (તથા રાજ્ય અવસ્થામાં તીર્થંકરને) પહેરવાનો એક ઉત્તમ હાર ૧૦૦૮ સેરનો થાય છે–જેની અદ્ભુત શોભા હોય છે, પણ તે ધર્મી કહે છે કે–એ હાર વડે અમારી શોભા નહિ, સર્વજ્ઞતા ને સમરસીભાવરૂપ જે ચૈતન્યહાર તેના વડે અમારી શોભા છે, તે હારમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે સાચા રત્નો ગૂંથેલા છે. અનંતી નિર્મળપર્યાયની હારમાળા જેમાં ગૂંથાયેલી છે એવો આ ચૈતન્યસ્વરૂપ આત્મા મહા શોભાયમાન વસ્તુ છે. તેની પ્રાપ્તિનો ઉદ્યમ કર. તારા અંતરમાં જ તને તેની પ્રાપ્તિ થશે.

ભાઈ, દેહ તે હું ને રાગ તે હું–એવી તારી માન્યતા અનંતકાળથી તેં સેવી, છતાં તેમાંથી તને જરાય સુખની કે મોક્ષની પ્રાપ્તિ ન થઈ; તો હવે જરાક ધીરો થઈ શાંત થઈ, અમારી વાત લક્ષમાં લે; ને અમે કહ્યું તે રીતે દેહથી ને રાગથી અત્યંત ભિન્ન એવા આત્માને અંતરમાં દેખવાનો ઉદ્યમ કર. તું જો કે એવા અભ્યાસથી છ મહિનામાં તને કેવું ઉત્તમ ફળ આવે છે? તને જરૂર આત્માનો અનુભવ થશે; સ્વાનુભવની પ્રાપ્તિથી તારો આત્મા શોભી ઊઠશે.

અરે, સ્વાનુભવ વગરનો આત્મા કેમ શોભે? પોતાને જડરૂપે માને, પોતાને વિકારરૂપે માને–એ જીવ કેમ શોભે ? વિકારવડે કે જડવડે આત્માની શોભા ન હોય; ભાઈ ! એ તો કલંક છે. તારો આત્મા એનાથી ભિન્ન ચૈતન્યવિલાસ વડે શોભે છે.

શરીર તારા સંયોગમાં રહ્યું છે પણ તે જડપણે રહ્યું છે, તારા ચેતનરૂપે થઈને તે નથી રહ્યું; માટે તે તું નથી. એ જ પ્રમાણે ક્ષણિક રાગ છે તે રાગરૂપે રહ્યો છે પણ તારા ચૈતન્યરૂપે થયો નથી, માટે તે રાગ પણ તું નથી. તું તો ચૈતન્યસ્વરૂપ જ સદાય છો; આવા ચૈતન્યસ્વરૂપને દેહથી ભિન્ન દેખ, ને રાગથી ભિન્ન દેખ;–એને દેખતાં જ તને પરમ આનંદસહિત તારું ચૈતન્યપદ પ્રગટ અનુભવમાં આવશે. એની લગની લાગવી જોઈએ, એની ધૂન જાગવી જોઈએ...તો અંતર્મુહૂર્તમાં જ એની પ્રાપ્તિ થઈ જાય.

**અહો, ઘણાય ધર્માત્મા જીવોએ અંતરમાં આવા આત્માનો અનુભવ કર્યો છે; પોતે જાતે અનુભવ કરીને કહે છે કે તમે પણ જો આત્માની લગની લગાડીને, અને સંસારના કોલાહલનો રસ છોડીને અંતરમાં ઉદ્યમ કરો તો તમને પણ જરૂર અમારી જેમ આત્માનો અનુભવ થશે.**

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

( લેખાંક ૪૫ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

દેહ અને આત્માને ભિન્ન નહિ જાણનારો અજ્ઞાની દેહમાં આત્મબુદ્ધિને લીધે મરણથી ભયભીત રહે છે ને અસમાધિપણે મરે છે. જ્ઞાની તો દેહને પોતાથી અત્યંત ભિન્ન જાણે છે તેથી તેને મૃત્યુનો ભય નથી, તેને તો મરણ ટાણેય સમાધિ જ છે. –એમ અજ્ઞાની તથા જ્ઞાનીના ભિન્ન ભિન્ન પરિણામની વાત કરી.

હવે ૭૮ મી ગાથામાં જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે મૂળભૂત તફાવત બતાવતાં સરસ વાત કરે છે કે–જે જીવ વ્યવહારમાં અનાદરવાન છે એટલે કે વ્યવહારનો–રાગાદિનો આદર કરતો નથી તે જ આત્મબોધને પામે છે, અને જે જીવ વ્યવહારમાં આસક્ત છે–તેનો આદર કરે છે તે જીવ આત્મબોધને પામતો નથી.–

व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्ताश्चात्मगोचरे

જે જીવો વ્યવહારમાં સૂતેલા છે એટલે કે વ્યવહારનો આદર કરતા નથી તેઓ આત્માના ઉદ્યમમાં જાગૃત છે. અને જેઓ વ્યવહારમાં જાગૃત છે–તેનો જ આદર કરે છે તે આત્માના ઉદ્યમમાં ઊંઘે છે એટલે કે આત્માના પ્રયત્નમાં તે તત્પર નથી.

મોક્ષપ્રાભૃતની ૩૧મી ગાથામાં પણ કુંદકુંદાચાર્યદેવે આ વાત કરી છે. જ્ઞાનીને રાગ તો હોય–પણ તે રાગમાં તે તત્પર નથી, તત્પરતા તો જ્ઞાનસ્વભાવમાં જ છે. જેને રાગમાં તત્પરતા છે–રાગથી લાભ માને છે તે જીવો આત્મસ્વભાવના પ્રયત્નમાં અનુદ્યમી છે. અજ્ઞાનીઓ કહે છે કે વ્યવહાર કરતાં કરતાં પરમાર્થ પમાશે...અહીં સંતો સ્પષ્ટ કહે છે કે જેઓ વ્યવહારમાં જાગૃત છે–તત્પર છે તેઓ પરમાર્થમાં ઊંઘતા છે, એટલે કે તેઓ પરમાર્થને પામતા નથી.

વ્યવહારના વિકલ્પવડે–રાગવડે પરમાર્થ

પમાશે એમ જેણે માન્યું તેનું તો ધ્યેય જ ખોટું છે, તેણે રાગને જ ધ્યેય બનાવ્યો છે, પણ પરમાર્થ સ્વભાવને ધ્યેય નથી બનાવ્યું; તેથી પરમાર્થ સ્વભાવને તો તે આદરતો નથી, તેમાં તો તે ઉદ્યમી થતો નથી ને રાગનો આદર કરીને તેમાં જ ઉદ્યમી રહે છે–તેમાં જ તત્પર રહે છે. જ્ઞાનીની દ્રષ્ટિનું ધ્યેય પલટી ગયું છે, રાગ હોય છતાં તેનું ધ્યેય ચિદાનંદ સ્વભાવ તરફ વળી ગયું છે, તેમાં જ તે તત્પર છે, તેનો જ ઉદ્યમી છે, રાગને તે હેય જાણે છે, તેમાં તે અતત્પર છે. જુઓ, આમાં રુચિનું વલણ કઈ બાજુ ઢળે છે તેની વાત છે. આત્માના સ્વભાવ તરફ રુચિનું વલણ છે કે રાગ તરફ રુચિનું વલણ છે તેના ઉપર ધર્મી–અધર્મીનું માપ છે. અહો, આવી સરસ ચોકખી હિતની વાત કરી હોવા છતાં, તે સાંભળીને મૂઢ જીવો કહે છે કે "અરે, તમે વ્યવહાર ઉડાડો છો. વ્યવહારથી ધર્મ નથી મનાવતા માટે તમે વ્યવહારને ઊડાડો છો!" –અરે શું થાય? અત્યારે કાળ જ એવો છે. આગળના ધર્મકાળમાં તો ધર્માત્મા પર જ્યાં સંકટ પડે ત્યાં દેવો ઘણીવાર સહાય કરવા આવતા ને ધર્મનો વિરોધ કરનારને દંડ દેતા; પણ અત્યારે તો કોઈ પૂછનાર નથી; ઊલટા 'ચોર કોટવાળને દંડે' એવી સ્થિતિ થઈ પડી છે. છતાં જે સત્ય છે તે તો સત્ય જ રહેશે, સત્ય કાંઈ ફરવાનું નથી. લોકોને ન બેસે ને ઘણા વિરોધ કરે તેથી કાંઈ સત્યનું સ્વરૂપ બદલવાનું નથી. માટે જેણે સત્ય સમજીને આત્માનું હિત કરવું હોય તેણે આ વાત માન્યે જ છૂટકો છે.

卐

## [ વીર સં. ૨૪૮૨, અષાઢ વદ ૧૩, શનિવાર ]

આત્માની સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–રમણતા તે સમાધિ છે. આત્માના સ્વભાવને જાણીને તેમાં જે તત્પર છે તે આત્મામાં જાગૃત છે–આત્માનો આરાધક છે, અને રાગાદિમાં તે ઊંઘે છે, તથા જે જીવ રાગાદિમાં ધર્મ માનીને તેમાં જ તત્પર છે તે અજ્ઞાની જીવ રાગમાં જ તત્પર છે, તે રાગમાં જ જાગે છે એટલે કે રાગને જ આરાધે છે, પણ રાગરહિત ચિદાનંદ સ્વભાવને તે આરાધતો નથી, તેમાં તો તે ઊંઘે છે.

એકબીજાથી વિરુદ્ધ બે પરિણતિ એક સાથે રહી શકે નહિ, એટલે કે જેને ચૈતન્ય સ્વભાવમાં રુચિ–તત્પરતા છે તેને રાગાદિ વ્યવહારમાં રુચિ કે તત્પરતા હોતી નથી, અને જેને રાગાદિ વ્યવહારમાં તત્પરતા–આદરબુદ્ધિ છે તેને આત્માના ચૈતન્યસ્વભાવમાં તત્પરતા–આદરબુદ્ધિ નથી. ચૈતન્યસ્વભાવ અને રાગ એ બંને એકબીજાથી વિરુદ્ધ છે, એટલે તે બંનેની રુચિ કે આદરબુદ્ધિ એક સાથે રહી શકતી નથી. ચૈતન્ય સ્વભાવની સન્મુખ જેની પરિણતિ છે એવો સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા રાગાદિ લૌકિક વ્યવહારમાં ઉદાસીન રહે છે–તેમાં આદરબુદ્ધિ કરતો નથી. તે રાગમાં ધર્મ માનીને તેમાં

આત્માને ફસાવતો નથી, પણ આત્માના ચિદાનંદ સ્વભાવનો જ આદર કરીને તેમાં જ પરિણતિને જોડે છે. આ રીતે વ્યવહારથી ઉદાસીન થઈને શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં તત્પર થવું –તેની સન્મુખ થવું તે મોક્ષનો ઉપાય છે. ચૈતન્ય સ્વભાવમાં તત્પરતા તે સમાધિ છે, ને ચૈતન્યને ચૂકીને રાગાદિ વ્યવહારમાં તત્પરતા તે અસમાધિ છે.

અહો, પહેલાં આ વાતનો નિર્ણય કરવો જોઈએ કે મને મારા ચિદાનંદ સ્વભાવનું જ શરણ છે, રાગનું શરણ નથી, ચૈતન્યસ્વભાવના જ શરણે સમ્યગ્દર્શન થાય છે. –આવો નિર્ણય કરીને ચૈતન્યસન્મુખ થવાથી સમાધિ થાય છે. સમ્યગ્દર્શન તે પણ સમાધિ છે. અને જેને આવો નિર્ણય નથી તે મિથ્યાદ્રષ્ટિ જીવ દ્રવ્યલિંગી મુનિ થઈને નવમી ગ્રૈવેયક સુધી જાય તોપણ તેને અસમાધિ જ છે. સમાધિ કહો કે મોક્ષનો ઉપાય કહો, –તે આત્માના ચૈતન્યસ્વભાવના આશ્રયે જ થાય છે. માટે રાગાદિ વ્યવહારનો આદર છોડીને, શુદ્ધજ્ઞાયકસ્વભાવનો જ આદર કરવો–એવો સંતોનો ઉપદેશ છે. ।। ૭૮।।

*

હું શુદ્ધ જ્ઞાન ને આનંદસ્વરૂપ છું, રાગાદિ વ્યવહાર તે મારાથી બાહ્ય છે–એવું અંતરનું ભેદજ્ઞાન કરીને જે જીવ આત્મસ્વરૂપમાં જાગૃત છે–તેમાં જ સાવધાન છે તે મુક્તિ પામે છે–એમ હવે કહે છેઃ–

आत्मानमन्तरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः।
तयोरन्तरविज्ञानादाभ्यासादच्युतो भवेत् ।।७९।।

આત્માને અંતરમાં દેખીને, તથા દેહાદિકને પોતાથી બાહ્ય દેખીને, –એ રીતે બંનેના ભેદવિજ્ઞાનદ્વારા અભ્યાસ કરવાથી જીવ અચ્યુત થાય છે એટલે કે સિદ્ધપદને પામે છે. અહીં દેહાદિક કહેતાં રાગ વગેરે પણ તેમાં આવી જાય છે, તે રાગાદિને પણ આત્માના સ્વભાવથી બાહ્ય દેખવા.

જાુઓ, ભગવાન પૂજ્યપાદસ્વામી સ્પષ્ટ કહે છે કે નિશ્ચયનો આદર અને વ્યવહાર પ્રત્યે ઉદાસીનતા તે મુક્તિનું કારણ છે. જ્ઞાની નિશ્ચય અને વ્યવહાર બંનેને જાણે છે ખરા, પણ બંનેને જાણીને નિશ્ચયમાં ( એટલે કે શુદ્ધ આત્મામાં ) તે તત્પર થાય છે ને વ્યવહારમાં ( –રાગાદિમાં ) તે તત્પર થતા નથી પણ તેને હેય સમજે છે. અને તેથી તે મુક્તિ પામે છે. પરંતુ જે જીવ વ્યવહારમાં તત્પર થાય છે તે તો મિથ્યાદ્રષ્ટિપણે સંસારમાં જ રખડે છે.

**પ્રશ્નઃ-** વ્યવહારમાં તત્પર ન થવું–એ સાચું, પણ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાશે ને ?

**ઉત્તરઃ-** અરે ભાઈ, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાશે એવી જેની માન્યતા છે તે જીવ વ્યવહારમાં જ તત્પર છે, કેમકે જેને લાભનું કારણ માને તેમાં તત્પર થયા વિના રહે જ નહીં.

જે નિશ્ચયને આદરે અને વ્યવહારનો આદર ન કરે તેણે જ નિશ્ચય–વ્યવહાર બંનેને યથાર્થ જાણ્યા છે. પણ જે વ્યવહારને આદરવા જેવો માને છે તેણે તો નિશ્ચય–વ્યવહારને જાણ્યા જ નથી. જેમ શરીર અને આત્મા બંનેને જાણવા છતાં ધર્માત્મા જડ શરીરને પોતાથી ભિન્ન બાહ્યપણે જ દેખે છે, ને આત્માને જ અંતરમાં દેખે છે; તેમ રાગાદિ વ્યવહારને અને આત્માના શુદ્ધસ્વભાવરૂપ નિશ્ચયને એ બંનેને જાણવા છતાં ધર્માત્મા રાગાદિ વ્યવહારને તો પોતાથી બાહ્યપણે દેખે છે, ને શુદ્ધસ્વભાવને જ પોતાના અંતર્તત્ત્વપણે દેખે છે. રાગ તે બાહ્યતત્ત્વ હોવા છતાં તેને અંતરના સ્વભાવ સાથે એકપણે જે દેખે છે તે મિથ્યાદૃષ્ટિ છે. માટે આચાર્યદેવ કહે છે કે આત્માને તો અંતરંગપણે દેખવો ને રાગાદિને બહિરંગપણે દેખવા–આવા ભેદવિજ્ઞાનના અભ્યાસ દ્વારા જીવ અચ્યુત થાય છે એટલે કે અવિનાશી મોક્ષપદને પામે છે.

ભાઈ ! પહેલાં આ વાતને તારા જ્ઞાનમાં રુચવ,–કે અંતર્મુખ થવું તેમાં જ મારું હિત છે, ને રાગાદિમાં મારું હિત નથી. રુચિનું વલણ બદલવું તે જ મૂળવસ્તુ છે. રાગાદિ વ્યવહારની મદદ વડે કોઈ જીવ કદી મુક્તિ પામતો નથી, જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિથી જ મુક્તિ પામે છે.

અહો, આ પંચમકાળના મુનિઓએ પણ ધર્મની ધારાને ખંડિત થવા દીધી નથી, સર્વજ્ઞકેવળી ભગવંતોના ભાવોને એવા ને એવા ટકાવી રાખ્યા છે. મુનિઓ ધર્મના થાંભલા છે, તેમણે મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે; પોતે સ્વભાવની ને રાગની ભિન્નતા અનુભવીને જગતને પણ તેવી ભિન્નતા દેખાડી છે.

સ્વભાવને અને રાગને પહેલાં ભિન્ન જાણીને, સ્વભાવમાં એકાગ્રતા વડે રાગથી ભિન્ન થતો જાય છે તે જ મોક્ષમાર્ગ છે. પહેલાં તો જીવની દેખવામાં જ ભૂલ છે, રાગાદિ ખરેખર પોતાના સ્વભાવથી બાહ્ય હોવા છતાં તેને તે અંતરંગ તરીકે દેખે છે, તેનાથી લાભ માને છે, એટલે તે રાગથી છૂટો પડતો નથી,–મુક્તિ પામતો નથી. રાગથી ભિન્નતા જાણે તો તેનાથી છૂટો પડે. ધર્મી ગૃહસ્થપણામાં હોય ને રાગાદિ થતા હોય છતાં તે વખતેય તે રાગાદિને બાહ્ય તત્ત્વપણે જ દેખે છે, ને તે રાગાદિથી ભિન્ન ચૈતન્યતત્ત્વને જ અંતરંગ તત્ત્વપણે દેખે છે.

જુઓ, સીતાજી ધર્માત્મા હતા, તેમને આવું ભાન હતું. રામચંદ્રજી પ્રત્યેના રાગને તે પોતાના આત્મસ્વભાવથી બાહ્યપણે જાણતા હતા, ને ચૈતન્યતત્ત્વને તે રાગથી ભિન્ન અંતરંગ તત્ત્વપણે જાણતા હતા.

રામચંદ્રજીએ તેમને વનમાં મોકલ્યા હતા અને પાછા ફર્યા ત્યારે તેમની અગ્નિપરીક્ષા



કરે છે. રામચંદ્રજીના હૃદયમાં તો વિશ્વાસ હતો કે સીતાજી મહાપતિવ્રતા સતી છે...પણ લોકોનો અપવાદ ટાળવા ખાતર અગ્નિપરીક્ષા કરી. મોટો અગ્નિકુંડ કરાવ્યો, તેમાં ભળભળ કરતો અગ્નિ સળગતો હતો. સીતાજી અગ્નિ પાસે ઊભા ઊભા મહાવૈરાગ્યથી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતા હતા...લોકો ચિંતાથી ભયભીત થઈ ગયા કે અરે! આ અગ્નિ સીતાના દેહને ભસ્મ કરી નાંખશે કે શું? સીતાજી તો અત્યંત વૈરાગ્યપૂર્વક સિદ્ધભગવાન વગેરે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને અગ્નિમાં કૂદી પડયા...લોકોમાં તો હાહાકાર અને કોલાહલ થઈ ગયો...

–પણ એ ભગવતી મહા સતીના પુણ્યનો એવો યોગ કે કુદરતે એ જ વખતે ઉપરથી દેવોનાં વિમાનો સકલભૂષણ મુનિરાજના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા જતા હતા...તેમણે ધર્માત્મા ઉપર સંકટ દેખીને તરત મૂસળધાર વરસાદ વરસાવીને અગ્નિ ઓલવી નાંખ્યો...ચારે કોર પાણી...પાણી ને પાણી! પાણી વચ્ચે સિંહાસન–કમળ ઉપર સીતાજી બિરાજે છે...લોકોને ગળા સુધી પાણી આવી ગયું...ને ડુબવા લાગ્યા, એટલે 'હે માતા! બચાવો...બચાવો' એવો પોકાર કરવા લાગ્યા...પછી તો ઉપસર્ગનું નિવારણ કરીને દેવો સીતાજીની પ્રશંસા કરે છે. બધા લોકો ક્ષમા માંગે છે–હે માતા! અમારા અપરાધ ક્ષમા કરો...રામચંદ્રજી પણ કહે છે કે હે દેવી! મારો અપરાધ ક્ષમા કરો...ને રાજમાં પાછા પધારો...પણ સીતાજી તો આ પ્રસંગથી વૈરાગ્ય

પામીને દીક્ષા લેવા તૈયાર થાય છે ને રાજમાં આવવાની ના પાડે છે. ત્યારે લક્ષ્મણ રડે છે, લવ–કુશ રડે છે...રામ કહે છે કે હે દેવી ! આ લક્ષ્મણ ખાતર...ને આ લવ–કુશ જેવા પુત્ર ખાતર તમે રાજમાં પાછા આવો. સીતાજી કહે છે કેઃ આ સંસારથી હવે બસ થઈ ! સંસારના રંગ અમે જોઈ લીધા...હવે તો અર્જિકા થઈને આત્માનું હિત સાધશું...અમે અમારા અંતરંગ ચૈતન્યતત્ત્વને જ આરાધશું. અમે અમારા ચૈતન્યને ઊજાળવા આ સંસારનો ત્યાગ કરીએ છીએ, હવે અમે સ્વરૂપમાં ઠરશું, હવે બીજાું કાંઈ અમારે જોઈતું નથી. પરભાવોને અમે અમારા સ્વરૂપથી બાહ્ય જાણ્યા હતા તે પરભાવોને છોડવાનો ને ચૈતન્યના આનંદમાં ઠરવાનો હવે અમે ઉદ્યમ કરશું. –આમ કહીને મહા વૈરાગ્યપૂર્વક માથાના સુંવાળા રેશમ જેવા વાળ ઊખેડીને રામના ચરણ તરફ ફેંકે છે...અને એ દ્રશ્ય દેખતાં રામ મૂર્છાથી બેભાન થઈ જાય છે.

સીતાજી જ્યારે દીક્ષા લ્યે છે ત્યારે લોકો રડે છે, રામ–લક્ષ્મણ રડે છે, લવ–કુશ રડે છે, પ્રજાજનો રડે છે; બધાય સીતાને ઘણા વિનવે છે, પણ સીતાજી કહે છે કે અરે, આ સંસારથી હવે બસ થાવ...બસ થાવ...અમારા અંતરંગતત્ત્વ સિવાય બીજાું કોઈ બાહ્યતત્ત્વ અમને શરણરૂપ નથી. રાગાદિ પરભાવો અમારા સ્વરૂપથી બાહ્ય છે, તે કોઈ અમને શરણરૂપ નથી. હવે અમે અમારા અંતરંગ ચૈતન્યસ્વરૂપમાં ઠરીને રાગાદિ પરભાવોને છોડવાનો અભ્યાસ કરશું.

જાુઓ, આ એક જ માર્ગ છે. પુરુષ હો કે સ્ત્રી હો, રોગી હો કે નીરોગી હો, રાજા હો કે રંક હો, સ્વર્ગમાં હો કે નરકમાં હો, વૃદ્ધ હો કે બાળક હો, –બધાયને માટે હિતનો આ એક જ માર્ગ છે કે–શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્માને જ અંતરંગમાં દેખવો, ને રાગાદિ સમસ્ત પરભાવોને પોતાથી બાહ્યપણે દેખવા. જેને પોતાથી બાહ્ય દેખે તેનો આદર કેમ કરે ?

દેહાદિકને બાહ્યપણે દેખવા ને ચૈતન્યસ્વરૂપ આત્માને અંતરંગપણે દેખીને તેમાં જ એકાગ્રતાનો અભ્યાસ કરવો, –આવો અભ્યાસ જ મુક્તિનું કારણ છે. આવું અંતરંગ ચૈતન્યતત્ત્વ જ જગતનું ઉત્કૃષ્ટ પ્રમેય છે, સ્વજ્ઞેય હોવાથી તે મુખ્ય પ્રમેય છે, આવા પ્રમેયને જાણવું તે જ 'પ્રમેયકમલમાર્તંડ' નું ખરૂં જ્ઞાન છે. અને જે જીવો આવા સ્વ–પ્રમેયને નથી જાણતા તેઓ 'પ્રમેયકમલમાર્તંડ'ને જાણતા નથી. માટે પોતાના આત્માને અંતરંગમાં દેખીને તેને પ્રમેય બનાવવો ને રાગાદિ પરજ્ઞેયોને બાહ્યપણે દેખવા, –આવા ભેદજ્ઞાનવડે આત્મામાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો તે જ મોક્ષનો ઉપાય છે. ।। ૭૯।।

# સ્વ-પરનું ભેદજ્ઞાન આત્માની સમ્પૂર્ણતા દેખાડે છે

'સસા-શીંગનું વહાણ જ કર્યું' -એ ચાર લીટી આત્મધર્મના ગતાંકના બાલવિભાગમાં આપેલ, તેનો ભાવાર્થ પૂ. ગુરુદેવના આ પ્રવચનમાં આપ વાંચી શકશો.

વારંવાર પરથી ભિન્નતા ને પરનું અકર્તૃત્વ સમજાવીને આચાર્યદેવ જીવને પરથી પાછો વાળીને પોતાથી પૂર્ણ એવા સ્વદ્રવ્ય તરફ વાળવા માંગે છે; ને નિત્ય સમ્પૂર્ણ એવી સ્વશક્તિથી ભરેલો આત્મસ્વભાવ દેખાડવા માંગે છે. વસ્તુસ્થિતિથી સ્વ ને પર બંને તદ્દન જુદા છે, પરની પૂર્ણતા પરમાં ને સ્વની પૂર્ણતા સ્વમાં; સ્વનો અંશ પરમાં નહિ, ને પરનો અંશ સ્વમાં નહિ.

જો આવી વસ્તુસ્થિતિને સમજે તો જડને વિષેથી સ્વસ્વરૂપનું અભિમાન મટે, ને સ્વસ્વરૂપ પ્રગટે. માટે આવી યથાર્થ વસ્તુસ્થિતિનો વિચાર કરીને નક્કી કરો.

ભાઈ, પરદ્રવ્ય તારું નથી, તેનું કોઈ કાર્ય તારું નથી, ને તે તને જરાય સુખરૂપ નથી; એવું જે ભિન્ન પરદ્રવ્ય તેને ભ્રાન્તિથી તેં તારું માન્યું છે ને સ્વમાં એકત્વપરિણતિ છોડીને તેં પરમાં એકત્વ માન્યું છે, તે દુઃખદાયી છે. માટે વસ્તુસ્વરૂપને સમજ તો તારી પરમાંથી એકત્વબુદ્ધિ છૂટે ને સ્વમાં એકત્વબુદ્ધિથી પરમ સુખ પ્રગટે.–ભેદજ્ઞાન વિના સિદ્ધિ થાય નહિ.

જ્યાંસુધી પરદ્રવ્યના કર્તૃત્વના વેગથી જીવ પાછો ન વળે ત્યાંસુધી સ્વદ્રવ્યની સમ્પૂર્ણતા તરફ તેનું વલણ ન વળે, ને સ્વગુણની શાંતિ તેને મળે નહિ.

પરનું કર્તૃત્વ માનનારના હાલ કેવા છે તે નીચેના પદમાં બતાવ્યું છેઃ–

સસા શીંગનું વહાણ જ કર્યું
મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંધ્યા સૂત બે વહાણે ચડયા,
ને ખ–પુષ્પના વસાણાં ભર્યા.

* જેમ સસલાનાં શીંગડાનું વહાણ બને જ નહિ, કેમકે સસલાને શીંગડું હોતું જ નથી;

* મૃગજળમાં વહાણ તરે નહિ કેમકે ત્યાં પાણી જ નથી;

* વંધ્યાસૂત વહાણમાં ચડે નહિ કેમકે વંધ્યાને સૂત હોય જ નહિ.

* ને આકાશનાં પુષ્પ કોઈ ભરે નહિ કેમકે તે હોતાં જ નથી.

* તેમ પરદ્રવ્યની ક્રિયા આત્મા કરે નહિ, કેમકે તેમાં આત્માનું અસ્તિત્વ નથી. જેમાં પોતાનું અસ્તિત્વ જ નથી તેની ક્રિયા કરવા માગે તો તેની બુદ્ધિ મિથ્યા છે; એ મિથ્યાબુદ્ધિ દુઃખદાયક છે.

જીવ એક અખંડ દ્રવ્ય છે, તેનું જ્ઞાનસામર્થ્ય પરિપૂર્ણ છે. –તેથી કહે છે કે ભાઈ, પરથી ભિન્ન તારો આત્મા નિત્ય સમ્પૂર્ણ સ્વગુણથી પૂરો છે. તારી એકેક શક્તિ નિત્ય ને સમ્પૂર્ણ છે. તારું જીવત્વ તારાથી સમ્પૂર્ણ છે, નિત્ય ટકતા સંપૂર્ણ જીવનથી તું ભરેલો છો. તારામાંથી જ તારું સંપૂર્ણ જીવન, તારું સંપૂર્ણજ્ઞાન, તારું સંપૂર્ણ સુખ પ્રગટ થાય–એવો નિત્ય સંપૂર્ણ તારો સ્વભાવ છે.

સ્વની પૂર્ણતા સ્વમાં ને પરની પૂર્ણતા પરમાં; ત્યાં કોણ કોનું શું કરે? જો વસ્તુની પર્યાયનો કર્તા બીજો હોય તો વસ્તુની પૂર્ણતા ક્યાં રહી? અરે, તારું આનંદમય કાર્ય તારા આનંદગુણની સમ્પૂર્ણતામાંથી જ થાય છે, બીજેથી તે આવતું નથી. તારી આનંદપર્યાયમાં શું પરદ્રવ્ય આવ્યું છે કે તે તને શાંતિ આપે? પરદ્રવ્ય તો કાંઈ તારી આનંદપર્યાયમાં આવ્યું નથી. તારી આત્મવસ્તુ તારી નિજશક્તિથી જ પોતાની આનંદપર્યાયમાં વર્તે છે; બીજાનો તેમાં પ્રવેશ નથી.

અહા, સ્વાધીનવસ્તુસ્થિતિ સમજતાં સ્વાશ્રયે અપૂર્વ સમરસ પ્રગટે છે. બ્રહ્માંડના ભાવોથી જુદો પડીને નિજસ્વરૂપની સમ્પૂર્ણતામાં આવ્યો, તેના આશ્રયે સમ્પૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ આનંદ, સંપૂર્ણ જીવન પ્રગટ થાય છે. આ રીતે સ્વ–પરનું ભેદજ્ઞાન ને નિજસ્વરૂપની સંપૂર્ણતાને દેખાડે છે, ને તેના ફળમાં સંપૂર્ણતા પ્રગટ થાય છે.

卐

# ભગવાન ઋષભદેવ

## તેમના દશઅવતારની આનંદકારી કથા

ભગવત્‌જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે૦ બ્ર. હરિલાલ જૈન

[ લેખાંક નવમો ]

### ૐ અયોધ્યામાં ઋષભ-અવતાર ૐ

આ જંબુદ્વીપમાં દક્ષિણે ભરતક્ષેત્ર છે; તેમાં વચ્ચે વિજયાર્દ્ધપર્વત છે; તે પર્વતની દક્ષિણે વચમાં આર્યખંડ છે. તેમાં ત્રીજા આરાના પાછલા ભાગમાં, જ્યારે ભોગભૂમિ મટીને કર્મભૂમિની વ્યવસ્થા થવા માંડી ત્યારે, પ્રજાનું પાલન કરનાર છેલ્લા (૧૪મા) કુલકર नाभिराजा થયા. તેમને मरुदेवी નામની રાણી હતી, તે રૂપ–ગુણમાં ઇન્દ્રાણી સમાન હતી; જગતની ઉત્તમ અને મંગલ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ હતી, ગુણરત્નોની ખાણ હતી, પવિત્ર સરસ્વતી દેવી હતી, અને વગર ભણ્યે પંડિતા હતી, ઇન્દ્રદ્વારા પ્રેરિત ઉત્તમ દેવોએ મહાન વિભૂતિ સહિત તે મરુદેવીનો વિવાહોત્સવ કર્યો હતો. નાભિરાજા અને મરુદેવી ઇન્દ્ર–ઇન્દ્રાણી સમાન શોભતા હતા. સંસારમાં તેઓ સૌથી અધિક પુણ્યવાન હતા, કેમકે સ્વયંભૂ ભગવાન ઋષભદેવ જેમના પુત્ર થશે તેમના સમાન બીજું કોણ હોઈ શકે?

આવા મરુદેવી અને નાભિરાજા જે ભૂમિમાં રહેતા હતા તે ભૂમિમાં જ્યારે કલ્પવૃક્ષોનો અભાવ થયો ત્યારે તેમના પુણ્યપ્રતાપે ઇન્દ્રે ત્યાં એક સુંદર નગરીની રચના કરી. દેવોએ રચેલી એ નગરીની અદ્‌ભુત શોભાની શી વાત! એ નગરીનું નામ અયોધ્યા. કોઈ શત્રુ તેની સામે યુદ્ધ કરી શકતા નહિ તેથી તે ખરેખર 'अयोध्या' હતી. [ अरिभिः यौद्धं न शक्या–अयोध्या ] તે નગરીનાં બીજાં નામો સાકેતપુરી, સુકોશલા તથા વિનિતા હતાં. તે અયોધ્યાનગરીની વચ્ચે દેવોએ સુવર્ણનો રાજમહેલ બનાવ્યો; ને ઉત્તમ મુહૂર્તે તે નગરીનું વાસ્તુ કરીને તેમાં નાભિરાજા–મરુદેવી વગેરેને આનંદપૂર્વક વસાવ્યા. 'આ બંનેને ત્યાં સર્વજ્ઞ–ઋષભદેવ પુત્ર તરીકે અવતરશે' એમ વિચારીને ઇન્દ્રે તેમનો રાજ્યાભિષેક કરીને, મહા પૂજન–સન્માન કર્યું.

## 卐 ઋષભદેવ–ગર્ભકલ્યાણક 卐

હવે છ મહિના પછી ભગવાન ઋષભદેવ સ્વર્ગમાંથી ચ્યવીને આ અયોધ્યાપુરીમાં અવતરશે, એમ જાણીને દેવોએ ઘણા આદરપૂર્વક આકાશમાંથી રત્નવર્ષા શરૂ કરી. જાણે કે ઋષભદેવના આગમન પહેલાં જ તેમની સમ્પદા આવી ગઈ હોય–એવી સુશોભિત કરોડો રત્નોની તથા સુવર્ણની વૃષ્ટિ રોજરોજ થતી હતી. તીર્થંકરોનો એવો જ કોઈ આશ્ચર્યકારી મહાન પ્રભાવ છે. પંદર મહિના સુધી એ રત્નવૃષ્ટિ ચાલુ રહી. એ ગર્ભાવતરણ–ઉત્સવ વખતે આખા લોકમાં હર્ષકારી ક્ષોભ ફેલાઈ ગયો હતો. માતા મરુદેવી રજસ્વલા થયા વગર પુત્રવતી થઈ હતી.

એક મંગલદિવસે રાત્રિના પાછલા પહોરમાં મરુદેવીમાતાએ તીર્થંકરદેવના જન્મને સૂચિત કરનારા તથા ઉત્તમ ફળ દેનારા ૧૬ મંગલ સ્વપ્નો દેખ્યા, તથા સુવર્ણસમાન એક ઉત્તમ વૃષભ ( બળદ ) પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો.

પ્રભાત થયું; રાજમહેલમાં મંગલ વાજાં વાગવા માંડયા, ને સેવિકાઓ મંગલ ગીત ગાવા લાગી કે–'હે માતા! જાગો; આપનો જાગવાનો સમય થયો છે. પંચપરમેષ્ઠીના ધ્યાનનો આ સમય છે; પંચપરમેષ્ઠીના ધ્યાનવડે તમારું પ્રભાત સદા મંગલમય હો, તમે સેંકડો કલ્યાણને પ્રાપ્ત હો, અને જેમ પૂર્વ દિશા ઝગઝગતા સૂર્યને જન્મ આપે છે તમે તેમ જગતના પ્રકાશક એવા ત્રિલોકદિપક તીર્થંકરપુત્રને ઉત્પન્ન કરો.'

આવા મંગલપૂર્વક મરુદેવીમાતા જાગ્યા; ઉત્તમ શુભ સ્વપ્નો દેખવાથી તેમને અતિશય આનંદ થઈ રહ્યો હતો, અને આખુંય જગત અતિશય પ્રમોદભરેલું લાગતું હતું.

ત્યારબાદ રાજમહેલમાં જઈને નાભિ–મહારાજાને પોતાના મંગલ–સ્વપ્નોની વાત કરીઃ હે દેવ! મેં આજે રાત્રે પાછલા પહોરે આશ્ચર્યકારી ફળ દેનારા ૧૬ સ્વપ્નો જોયા છે, તેનું ફળ શું છે? તે આપના શ્રીમુખથી સાંભળવાની મારી ઇચ્છા છે.

ત્યારે નાભિરાય–મહારાજાએ અવધિજ્ઞાનવડે તે સ્વપ્નોનું ઉત્તમ ફળ જાણ્યું અને કહેવા લાગ્યા કે હે દેવી, સાંભળો! આ ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકરદેવનો આત્મા સ્વર્ગમાંથી તમારી કુંખે અવતર્યો છે, તેથી તમે 'રત્નકુંખધારિણી' બન્યા છો. આપે જોયેલા મંગલ સ્વપ્નો એમ સૂચવે છે કે આપનો પુત્ર મહાન ગુણસમ્પન થશે. તે આ પ્રમાણે–

## * ૧૬ સ્વપ્નનું ફળ *

૧ ગજ દેખનસે દેવી તેરે પુત્ર ઉત્તમ હોયગા,
૨ વર વૃષભકા હૈં ફલ યહી વહ જગતગુરુ ભી હોયગા.
૩ વર સિંહદર્શનસે અપૂરવ શક્તિધારી હોયગા,
૪ પુષ્પમાલાસે વહ ઉત્તમ તીર્થકર્તા હોયગા.
૫ કમલાન્હવનકા ફલ યહી સુરગિરિન્હવન સુરપતિ કરેં,
૬ અર પૂર્ણશશિકે દેખનેસે જગતજન સબ સુખ ભરેં.
૭ વર સૂર્યસે વહ હો પ્રતાપી, (૮) કુંભ–યુગસે નિધિપતિ,
૯ સર દેખનસે સુભગ લક્ષણધાર હોવે જિનપતિ.
૧૦ યુગમીન ખેલત દેખનસે હે પ્રિયે ચિત્ત ધર સુનો,
卐 હોવે મહા આનંદમય વહ પુત્ર અનુપમ ગુણ સુનો.
૧૧ સાગર નીરખતે જગતકા ગુરુ સર્વજ્ઞાની હોયગા,
૧૨ વર સિંહ–આસન દેખનેસે રાજ્યસ્વામી હોયગા.
૧૩ અરુ સુરવિમાન સુફલ યહી વહ સ્વર્ગસે ચય હોયગા,
૧૪ નાગેન્દ્રભવન વિલાસસે વહ અવધિજ્ઞાની હોયગા.
૧૫ બહુ રત્નરાશિ દિખાવસે વહ ગુણ ખજાના હોયગા,
૧૬ વર ધૂમરહિત જુ અગ્નિસે વહ કર્મધ્વંશક હોયગા.
卐 વર વૃષભ મુખપ્રવેશફલ શ્રી વૃષભ તુઝ વપુ અવતરે,
* હે દેવી! તું પુણ્યાતમા આનંદમંગલ નિત ભરે.

નાભિરાજાના શ્રીમુખથી આવું સ્વપ્નફળ સાંભળીને મરુદેવીને ઘણો હર્ષ થયો. આ રીતે, આ ચોવીસીના ત્રીજા આરામાં (સુખમ–દુઃખમકાળમાં) જ્યારે ચોરાશીલાખ પૂર્વ ત્રણ વર્ષે આઠ માસ ને એક પક્ષ બાકી હતા ત્યારે, જેઠ વદ બીજના શુભ દિવસે, ઉત્તરાષાઢનક્ષત્રમાં, વજ્રનાભિ–અહમીન્દ્રનું દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધિ–વિમાનમાંથી ચ્યવીને ઋષભતીર્થંકર મરુદેવીમાતાના ગર્ભમાં અવતર્યા.

ભગવાનનું ગર્ભાવતરણ થતાં જ ઇન્દ્રલોકમાં ઘંટનાદ વગેરે અનેક મંગલચિહ્નો પ્રગટયા; તે ઉપરથી ભગવાનના ગર્ભકલ્યાણકનો પ્રસંગ જાણીને ઇન્દ્રાદિ દેવો ત્યાં આવ્યા, ને અયોધ્યાનગરીને પ્રદક્ષિણા દઈને, ભગવાનના માતા–પિતાને નમસ્કાર કર્યા. સ્વર્ગથી ઉત્સવ કરવા એટલા બધા દેવો આવ્યા કે નાભિરાજાનો મહેલ ખીચોખીચ

ભરાઈ ગયો; ક્યાંક વાજાં વાગતા હતા, ક્યાંક ગીત ગવાતા હતા, ક્યાંક નૃત્ય થતા હતા; એમ મંગલઉત્સવ થયો. દિગ્કુમારી દેવીઓ અનેક પ્રકારે મરુદેવીમાતાની સેવા કરતી હતી, તથા વિવિધ ગોષ્ઠીવડે તેમને પ્રસન્ન રાખતી હતી. અને કહેતી હતી કે હે માતા! ગર્ભસ્થ પુત્રદ્વારા આપે જગતનો સંતાપ નષ્ટ કર્યો છે તેથી આપ જગતને પાવન કરનારા જગતમાતા છો. હે માતા! આપનો તે પુત્ર જયવંત રહે કે જે જગતવિજેતા છે, સર્વજ્ઞ છે, તીર્થંકર છે, સજ્જનોનો આધાર છે ને કૃતકૃત્ય છે. હે કલ્યાણિ માતા! આપનો તે પુત્ર સેંકડો કલ્યાણ દર્શાવીને, પુનરાગમન રહિત એવા મોક્ષસ્થાનને પ્રાપ્ત કરશે.

તે દેવીઓ અનેક પ્રકારે આનંદ–પ્રમોદ સહિત મરુદેવીમાતા સાથે પ્રશ્ન ચર્ચા પણ કરતી હતી.

**દેવી-હે માતા! જગતમાં ઉત્તમ રત્ન કયું છે?**

**માતા-સમ્યગ્દર્શનરત્ન જગતમાં શ્રેષ્ઠ છે.**

**દેવી-જગતમાં કોનો અવતાર સફળ છે?**

**માતા-જે આત્માને સાધે તેનો અવતાર સફળ છે.**

**દેવી-હે માતા! જગતમાં કઈ સ્ત્રી ઉત્તમ છે?**

**માતા-તીર્થંકર જેવા પુત્રને જે જન્મ આપે તે.**

**દેવી-હે માતા! જગતમાં બહેરો કોણ છે?**

**માતા-જિનવચનને જે નથી સાંભળતો તે.**

**દેવી-માતા! જલ્દી કરવા જેવું કાર્ય કયું?**

**માતા-સંસારનો ત્યાગ ને મોક્ષની સાધના.**

**દેવી-હે માતા! કોને જીતવાથી ત્રણ જગત વશ થાય?**

**માતા-મોહને જીતવાથી ત્રણ જગત વશ થાય.**

**દેવી-જગતમાં કોની ઉપાસના કરવી?**

**માતા-પંચપરમેષ્ઠી ભગવાનની.**

[ તત્ત્વચર્ચામાં મરુદેવીમાતાજીના આનંદકારી જવાબ સાંભળીને દેવીઓને બહુ પ્રસન્નતા થાય છે; તેથી ફરીફરીને નવા નવા પ્રશ્નો પૂછે છે– ]

દેવી-હે માતા ! દેવેન્દ્ર જેને પૂજે એવો ઉત્તમ પુરુષ કોણ ?

માતા- 'મારો પુત્ર' અર્થાત્ તીર્થંકર ભગવાન.

દેવી-સંસારમાં જીવો કેમ દુઃખ પામે છે ?

માતા-આત્માનો અનુભવ કરતા નથી તેથી.

દેવી-હે માતા ! 'પુરુષ' નામ ક્યારે સફળ થાય ?

માતા-મોક્ષનો પુરુષાર્થ કરે ત્યારે.

દેવી-શેના વગરનો નર પશુ સમાન છે ?

માતા-ભેદજ્ઞાનરૂપ વિદ્યા વગરનો નર પશુસમાન છે.

દેવી-હે માતા ! જગતમાં કયું કાર્ય ઉત્તમ છે ?

માતા-આત્મધ્યાન તે જગતમાં ઉત્તમ કાર્ય છે.

દેવી-હે માતા ! આપના ઉદરમાં કોણ બિરાજે છે ?

માતા-જગતગુરુ ભગવાન ઋષભદેવ !

જ્ઞાનમય અને ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ એવા તીર્થંકરપુત્રને હું મારા ઉદરમાં ધારણ કરી રહી છું–એમ જાણીને તે માતા આનંદિત અને સંતુષ્ઠ રહેતા હતા. જેમ રત્નોથી ભરેલી ભૂમિ અતિશય શોભે તેમ જેમના ગર્ભમાં તીર્થંકર જેવા રત્ન ભર્યા છે એવા તે માતા અતિશય શોભતા હતા; તેમને કોઈ પ્રકારનું કષ્ટ થતું ન હતું. ભગવાનના તેજનો એવો પ્રભાવ હતો કે ગર્ભવૃદ્ધિ થવા છતાં માતાના શરીરમાં કોઈ વિકૃતિ થઈ ન હતી. જેમ સ્ફટિકમણિના ઘરમાં વચ્ચે દીવો શોભે, તેમ મરુદેવી માતાના નિર્મળ ગર્ભગૃહમાં મતિ–શ્રુત–અવધિ એ ત્રણ જ્ઞાનરૂપી દીપકથી વિશુદ્ધ ભગવાન શોભતા હતા. ઇન્દ્રાણી પણ ગુપ્તરૂપે મરુદેવી માતાની સેવા કરતી હતી, ને જગતના લોકો પણ તેને નમસ્કાર કરતા હતા. ઝાઝું શું કહેવું ? ત્રણલોકમાં તે જ એક પ્રશંસનીય હતી; અને જગતના નાથ એવા ઋષભતીર્થંકરની જનની હોવાથી તે આખા લોકની જનની હતી, ને જગતને આનંદ દેનારી હતી.

આ રીતે પ્રગટપણે અનેક મંગલને ધારણ કરનાર તથા દેવીઓ વડે પૂજ્ય એવા મરુદેવીમાતા, પરમ સુખકારી તથા ત્રણ લોકમાં આશ્ચર્યકારી એવા ભગવાન ઋષભદેવરૂપી તેજસ્વી પુત્રને ધારણ કરતા હતા.

( આ રીતે ઋષભદેવપ્રભુના ગર્ભકલ્યાણકનું વર્ણન થયું. )

## ઋષભદેવ-જન્મકલ્યાણક




સવા નવ મહિના બાદ, ફાગણ વદ નોમના સુપ્રભાતે, પૂર્વ દિશામાં જેમ સૂર્ય ઊગે તેમ મરુદેવીમાતાએ અયોધ્યા નગરીમાં ભગવાન ઋષભદેવને જન્મ આપ્યો.

ત્રણ જ્ઞાનથી સુશોભિત ભગવાન જન્મ્યા કે તરત ત્રણ લોકમાં આનંદ છવાઈ ગયો... પૃથ્વી આનંદથી ધણધણી ઊઠી ને સમુદ્ર આનંદતરંગથી ઊછળી રહ્યો; આકાશ નિર્મળ થયું ને દિશાઓ પ્રકાશિત બની; પ્રજાજનો હર્ષિત બન્યા ને દેવોનેય આશ્ચર્ય થયું. કલ્પવૃક્ષોમાંથી ફૂલ વરસવા લાગ્યા ને દેવોનાં વાજાં એની મેળે વાગવા માંડયા; સુગંધિત વાયુ વહેવા લાગ્યો... ઇન્દ્રના ઇન્દ્રાસન પણ કંપી ઊઠયા! સ્વર્ગના ઘંટનાદ અને શંખ વાગવા માંડયા. ભગવાન ઋષભદેવના અવતારથી સર્વત્ર આનંદ છવાઈ ગયો.



સિંહાસન કમ્પાયમાન થવાથી ઇન્દ્રે અવધિજ્ઞાન વડે જાણી લીધું કે અયોધ્યાનગરીમાં ભવ્ય જીવોને વિકસિત કરનાર તીર્થંકરદેવનો અવતાર થઈ ચૂક્યો છે; તરત સિંહાસન ઉપરથી નીચે ઊતરીને ઇન્દ્રે એ તીર્થંકરને નમસ્કાર કર્યા અને તેમનો જન્મોત્સવ ઉજવવા માટે ઐરાવત હાથી ઉપર બેસીને ઠાઠમાઠથી અયોધ્યાપુરી આવ્યા. માતાજીના

મહેલમાં જઈને ઇન્દ્રાણીએ અત્યંત પ્રેમથી ઋષભકુમારના તથા જિનમાતા–મરુદેવીનાં દર્શન કર્યાં અને પ્રદક્ષિણા દઈને સ્તુતિ કરવા લાગીઃ હે માતા! આપ મંગલરૂપ છો, પુણ્યવાન છો, મહાન દેવી છો, અને ત્રણલોકનું કલ્યાણ કરનારા છો.

પછી ઇન્દ્રજાળ વડે માતાને ઊંઘાડી દીધા, અને બીજું બનાવટી બાળક તેની પાસે રાખીને જિનકુમારને તેડી લીધા. અહો, ચૂડામણિરત્નસમાન એ જગતગુરુ–જિનબાલકને પોતાના બે હાથમાં તેડતાં તે ઇન્દ્રાણીને પરમ આનંદ થયો; ઉત્કૃષ્ટ પ્રીતિપૂર્વક તે વારંવાર બાળકનું મુખ દેખતી હતી, વારંવાર તેના શરીરનો સ્પર્શ કરતી હતી, ને વારંવાર તેને સુંઘતી હતી. અત્યંત દુર્લભ એવા ભગવાનના શરીરના સ્પર્શને પામવાથી જાણે કે ત્રણ લોકનો વૈભવ મળી ગયો હોય–એમ તે પ્રસન્નતા અનુભવતી હતી. આમ આનંદપૂર્વક ભગવાનને લઈને ઇન્દ્રાણી જતી હતી ત્યારે ત્રણલોકમાં મંગળ કરનારા એવા તે જિનભગવાનની આગળ–આગળ દિગ્કુમારી દેવીઓ અષ્ટમંગળ સહિત ચાલતી હતી. ઐરાવતથી પાસે આવીને તે જિનબાલકને ઇન્દ્રના હાથમાં બિરાજમાન કર્યા, ને ઇન્દ્ર અતિશય હર્ષપૂર્વક પુલકિતનયને તેમનું સુંદર રૂપ દેખવા લાગ્યા, તથા સ્તુતિ કરવા લાગ્યા કે હે દેવ! આપ કેવળજ્ઞાનસૂર્યને ઉત્પન્ન કરનારા ઉદયાચલ છો; અજ્ઞાનઅંધકારમાં ડુબેલું આ જગત આપના દ્વારા જ જ્ઞાનપ્રકાશ પામશે. આપ ગુરુઓના પણ ગુરુ છો; ગુણોના સમુદ્ર છો, તેથી આપને નમસ્કાર હો. ભગવાન! આપ ત્રણ જગતને જાણનારા છો તેથી આપની પાસેથી જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છાથી અમે આપના ચરણકમળને ઘણા આદરપૂર્વક અમારા મસ્તક ઉપર ધારણ કરીએ છીએ. આમ સ્તુતિ કરીને જયજયકારપૂર્વક મેરુપર્વત તરફ ચાલ્યા. ત્યારે દેવોનાં મંગલ વાજાં વાગતા હતા ને અપ્સરાદેવીઓ ભક્તિથી નૃત્ય કરતી હતી.

ઐરાવત હાથી ઉપર બેઠેલા સૌધર્મઇન્દ્રે ભગવાનને ગોદમાં લીધા હતા, ઐશાનઇન્દ્રે ભક્તિથી છત્ર ધર્યું હતું ને સનત્કુમાર તથા માહેન્દ્ર એ બે ઇન્દ્રો ભક્તિથી ચામર ઢાળતા હતા. ઇન્દ્રોની આવી ભક્તિ, અને આવી જિનવિભૂતિ દેખીને ઘણા મિથ્યાદ્રષ્ટિ દેવો પણ સમ્યક્ જૈનમાર્ગના શ્રદ્ધાળુ બન્યા હતા.

આ પ્રમાણે ભગવાનના જન્માભિષેકની સવારી ૯૯૦૦૦ યોજન ઊંચા મેરુપર્વત પર આવી પહોંચી. જંબુદ્વીપના મુગટસમાન આ મેરુપર્વત સોનાનો છે, ને તીર્થંકરભગવાનના અભિષેકને લીધે પવિત્ર તીર્થરૂપ છે, તેથી સૂર્ય–ચંદ્ર વગેરે જ્યોતિષી દેવોના વિમાનો સદા તેની પ્રદક્ષિણા કરે છે. ઋદ્ધિધારક મુનિવરો ત્યાં જઈને ધ્યાન

ધરે છે. તેના ઉપર પહેલાં ભદ્રસાલ વન છે, પછી નન્દનવન છે, પછી સૌમનસવન છે, ને પછી પાંડુકવન છે. ચારેય વનમાં ચારે દિશામાં મણિરત્નોથી શોભિત એકેક જિનમંદિર છે, પાંડુકવનમાં સ્ફટિકમણિની પાંડુકશિલા છે, તેના ઉપર તીર્થંકરોનો જન્માભિષેક થાય છે, તેથી તે શિલા અત્યંત પવિત્ર ને સિદ્ધશિલા જેવી શોભાયમાન છે. દેવો સદા તેની પૂજા કરે છે. તેના ઉપર શ્રેષ્ઠ સિંહાસન છે. સુમેરુપર્વતની પ્રદક્ષિણા કરીને ઇન્દ્રે હર્ષપૂર્વક બાલતીર્થંકરને પાંડુકશિલા પર બિરાજમાન કર્યા; ત્યારે જાણે કે જિનેન્દ્રદેવકી માતા હોય એમ તે પાંડુક શિલા શોભી ઊઠી. જિનેન્દ્ર ભગવાનના જન્મકલ્યાણકનો વૈભવ દેખવા માટે ચારે બાજુ દેવો બેસી ગયા. જાણે કે બધા દેવો સ્વર્ગ ખાલી કરીને આ મેરુપર્વત ઉપર આવી ગયા હોય એમ મેરુપર્વત સ્વર્ગસમાન શોભતો હતો. ને ત્યાં ઇન્દ્રોએ એવો દિવ્યમંડપ રચ્યો હતો કે જેમાં ત્રણલોકના બધા જીવો બેસે તોપણ સંકડાશ ન પડે. ચારે બાજુ દેવોનાં દુન્દુભી વાજાં વાગતા હતા.

આવા આનંદકારી વાતાવરણ વચ્ચે ઇન્દ્રોએ સોનાનાં મોટા કળશવડે, ઋષભ–તીર્થંકરનો જન્માભિષેક શરૂ કર્યો. ક્ષીરસમુદ્રમાંથી કળશ ભરી ભરીને દેવો એકબીજાના હાથમાં આપતા હતા, ને એક સાથે ઘણા કળશ લેવા માટે ઇન્દ્રે વિક્રિયાબળથી પોતાના એક હજાર હાથ બનાવી દીધા હતા. હજારહજાર હાથવાળા સૌધર્મઇન્દ્રે જયજયકારપૂર્વક જ્યારે જિનેન્દ્રભગવાનના મસ્તક ઉપર પહેલી જલધારા છોડી ત્યારે બીજા કરોડો દેવો પણ આનંદિત થઈને જયજયકારપૂર્વક મોટો કોલાહલ કરવા લાગ્યા. અહા, એ જિન–અભિષેકના મહિમાની શી વાત! જોકે ગંગા અને સિંધુ નદીના મોટા ધોધ જેવી જલધારા મસ્તક પર પડતી હતી તોપણ તે બાલ–તીર્થંકર મેરુ જેવા સ્થિર હતા ને પોતાના અદ્‌ભુત માહાત્મ્યવડે લીલા માત્રમાં તે જલધારા ઝીલતા હતા. ભગવાન તો સ્વયં પવિત્ર જ હતા, ને પોતાના પાવન અંગ વડે તેમણે તે પાણીને પણ પવિત્ર કરી દીધું હતું; તથા તે પાણીએ સમસ્ત દિશામાં ફેલાઈને આખા જગતને પવિત્ર કરી દીધું હતું. તે પાણીનાં રજકણો ઊંચે ઊડવાથી, તેના સ્પર્શવડે પ્રસન્ન થઈને આકાશ પણ જાણે હસતું હોય તેવું શોભતું હતું. એ વખતે મેરુની શોભા દેવોને પણ એવી અભૂતપૂર્વ લાગતી હતી–જાણે કે પૂર્વે કદી જોઈ ન હોય! કલકલ કરતો અભિષેકજલનો પ્રવાહ અમૃતસમાન શોભતો હતો, અથવા તો ભગવાનના યશનો જ પ્રવાહ વહેતો હોય એવો લાગતો હતો. ચારે તરફ ઉછળતા તે અભિષેકજળમાં સૂર્ય–ચંદ્ર ને તારાઓ પણ ભીંજાઈ ગયા હતા. ભગવાનના જન્માભિષેકથી આખી પૃથ્વી સંતુષ્ઠ થઈ ગઈ

હતી, આખા દેશમાં કોઈ ઉપદ્રવ ન હતો, સમસ્ત પ્રજા કલ્યાણરૂપ હતી. અહા, એ અભિષેકે જગતના પ્રાણીઓનું કોઈ કલ્યાણ બાકી રાખ્યું ન હતું. ચારણઋદ્ધિધારી મુનિવરો આદરપૂર્વક એકાગ્રચિતે એ જિનેન્દ્ર–જન્મોત્સવ નીહાળતા હતા; વિદ્યાધરો આશ્ચર્યથી જોતા હતા. દેવો આનંદિત થઈને જન્મકલ્યાણકસંબંધી અનેક નાટક કરતા હતા...દુન્દુભી વાજાં વાગતા હતા, સુગંધી દીપ અને ધૂપ પ્રગટતા હતા; ચારેકોર જિનેન્દ્રદેવના મહિમાની ચર્ચા ચાલતી હતી; ભગવાનના પવિત્ર ગંધોદકને દેવો ભક્તિથી મસ્તકે ચઢાવતા હતા.

અભિષેક બાદ ઇન્દ્રોએ જિનભગવાનનું પૂજન કર્યું; ને જન્માભિષેકની વિધિ સમાપ્ત કરી. ભગવાન મેરુપર્વત ઉપર ચૂડામણિરત્ન સમાન શોભતા હતા. ઈન્દ્ર તો જેમનો અભિષેક કરનાર હતો, મેરુપર્વત જેવું ઊંચું સ્થાન જેમના સ્નાનનું આસન હતું, દેવીઓ જ્યાં આનંદથી નાચતી હતી, દેવો જ્યાં દાસ હતા, અને ક્ષીરસમુદ્ર જેમના સ્નાન માટેના પાણીનો હાંડો હતો, –આવા અતિશયપ્રશંસનીય પવિત્ર આત્મા ભગવાન ઋષભદેવ સમસ્ત જગતને પવિત્ર કરો... સદા જયવંત હો.

(આ રીતે ઋષભપ્રભુના જન્માભિષેકનું વર્ણન થયું. ત્યારબાદ ઇન્દ્રદ્વારા સ્તુતિ, અયોધ્યામાં આગમન, તથા ભગવાન ઋષભકુમારની બાલચેષ્ટા આપ આવતા અંકમાં વાંચશોજી.)

जय आदिनाथ

## વિકલ્પ વગરની વસ્તુનો અનુભવ

ચૈતન્યવસ્તુ વિકલ્પ વગરની નિર્વિકલ્પ છે, એટલે તેના અનુભવ માટે પણ નિર્વિકલ્પ પરિણામ જ હોવા જોઈએ. વિકલ્પની સન્મુખતા વડે ચૈતન્યવસ્તુ અનુભવમાં આવી શકે નહિ. ચૈતન્યસ્વભાવની સન્મુખ થતાં જ વિકલ્પો તૂટીને નિર્વિકલ્પદશા થાય છે; આ રીતે સ્વભાવની સન્મુખતા ને વિકલ્પથી વિમુખતાવડે જ્ઞાનને પોતામાં સમેટીને જ્યારે આત્મા અનુભવ કરે છે ત્યારે આત્માનો સમ્યક્ અનુભવ થાય છે, ત્યારે આત્માનું સાચું દર્શન (સમ્યગ્દર્શન) થાય છે. ત્યારે ભગવાન આત્મા આનંદસહિત પ્રસિદ્ધ થાય છે.

**ધર્માત્માની અનુભૂતિનું આનંદકારી વર્ણન હવેના લેખમાં વાંચોજી**

# ધર્માત્માની અનુભૂતિનું આનંદકારી વર્ણન

[ સમયસાર ગા. ૧૪૩ ઉપરના પ્રવચનમાંથી ]

અહો, નિર્વિકલ્પ અનુભૂતિનો મહિમા ઊંડો અને ગંભીર છે. અહીં એ અનુભવદશાનું કોઈ અલૌકિક વર્ણન કર્યું છે. ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિની અનુભવદશાને ઠેઠ કેવળીભગવાનની જાત સાથે સરખાવી છે. ધર્મીની અનુભવદશા શું છે ને નિર્વિકલ્પ અનુભવ વખતની સ્થિતિ કેવી છે–એ સમજે તો પોતાને અંતરમાં ભેદજ્ઞાન થાય ને આત્માનો પત્તો લાગે.

'વ્યવહારથી મારો આત્મા બદ્ધ છે' એવો શુભ વિકલ્પ અથવા 'નિશ્ચયથી મારો આત્મા અબદ્ધ છે' એવો શુભવિકલ્પ, –એ બંને વિકલ્પ તે રાગ છે, તે રાગના પક્ષમાં અટકે ત્યાંસુધી આત્માનો અનુભવ કે સમ્યગ્દર્શન થતું નથી.

તો હવે તે બંને નયોના પક્ષથી પાર આત્માની સાક્ષાત્ અનુભૂતિ કેમ થાય? તેની જેને જિજ્ઞાસા છે એવો શિષ્ય કયા પ્રકારે પક્ષાતિક્રાન્ત થાય છે તેનું આ વર્ણન છે. અંતરની ખાસ પ્રયોજનરૂપ વાત છે.

વિકલ્પનો પક્ષ, –પછી તે વ્યવહારનો હો કે નિશ્ચયનો હો, પણ વિકલ્પ તે તો અશાંત ચિત્ત છે, તેમાં ચૈતન્યની શાંતિનું વેદન નથી. જે જીવ પક્ષથી પાર થઈને ચૈતન્યસ્વરૂપમાં વસે છે–તેમાં ઉપયોગને એકાગ્ર કરે છે તે સમસ્ત વિકલ્પજાળથી છૂટીને શાંતચિત્તવડે સાક્ષાત્ અમૃતને પીવે છે, અતીન્દ્રિય આનંદને અનુભવે છે.

અહીં (આ ૧૪૩ મી ગાથામાં) શ્રુતજ્ઞાનીજીવ સ્વાનુભૂતિ વખતે કેવો પક્ષાતિક્રાન્ત છે તે વાત કેવળી સાથે સરખાવીને સમજાવે છેઃ સ્વાનુભૂતિમાં વર્તતા જીવને બંને નયોનું માત્ર જ્ઞાતાપણું છે, પણ નયના વિકલ્પો નથી; એના જ્ઞાનનો ઉત્સાહ સ્વભાવના અનુભવ તરફ વળ્યો છે એટલે વિકલ્પના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો છે; જ્ઞાન તે વિકલ્પને ઓળંગીને અંદર સ્વભાવ તરફ ઉત્સુક થયું છે. છ બોલથી કેવળજ્ઞાન સાથે શ્રુતજ્ઞાનીના અનુભવને સરખાવીને પક્ષાતિક્રાન્ત અનુભવનું સ્વરૂપ સમજાવશે.

# પક્ષાતિક્રાન્ત

| કેવળી ભગવાન અને | સ્વાનુભૂતિવાળા શ્રુતજ્ઞાની |
|---|---|
| (૧) વિશ્વના સાક્ષી હોવાથી બંને નયપક્ષના સ્વરૂપને માત્ર જાણે જ છે, તેમને તેવા નયપક્ષના વિકલ્પો ઉત્પન્ન થતા નથી; | (૧) શ્રુતજ્ઞાનીને નયપક્ષોના વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં, તે વિકલ્પોના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો છે, તેથી તે પણ તે નયપક્ષને ગ્રહતા નથી. |
| (૨) જેમ વિશ્વને સાક્ષીપણે જાણે છે તેમ નયપક્ષોને પણ સાક્ષીપણે કેવળ જાણે જ છે. | (૨) શ્રુતજ્ઞાની પણ નયપક્ષને કેવળ જાણે જ છે, (કેમકે નયપક્ષના ગ્રહણનો ઉત્સાહ તેને નથી, તેનો ઉપયોગ તો ચૈતન્યસ્વભાવને જ ગ્રહવા તરફ વળ્યો છે.) |
| (૩) કેવળીભગવાન કેવળજ્ઞાન વડે પોતે જ વિજ્ઞાનઘન થયા છે. | (૩) શ્રુતજ્ઞાનીને પણ તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી શુદ્ધઆત્માનું ગ્રહણ થયું હોવાથી તે પોતે વિજ્ઞાનઘન થયા છે. |
| (૪) કેવળીપ્રભુ સદા વિજ્ઞાનઘન થયા છે. | (૪) શ્રુતજ્ઞાની તે વખતે એટલે કે અનુભવના કાળે વિજ્ઞાનઘન થયા છે. |
| (૫) કેવળીપ્રભુ તો શ્રુતજ્ઞાનની ભૂમિકાથી જ અતિક્રાન્ત છે, | (૫) શ્રુતજ્ઞાની અનુભવ વખતે, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત વિકલ્પોની ભૂમિકાથી અતિક્રાન્ત છે. |
| (૬) કેવળીપ્રભુ કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી. તેથી તે પક્ષાતિક્રાન્ત છે. | (૬) શ્રુતજ્ઞાની પણ સ્વાનુભૂતિના કાળે કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી. તેથી તે પણ સમસ્ત વિકલ્પોથી પાર, પક્ષાતિક્રાન્ત છે; તે અનુભૂતિમાત્ર સમયસાર છે. તેને આત્માની ખ્યાતિ આત્માની પ્રસિદ્ધિ છે; આનું નામ "ધર્મલબ્ધિનો કાળ" છે. |

અહો, અનુભવદશાનું કોઈ અલૌકિક વર્ણન કર્યું છે. ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિની અનુભવદશાને ઠેઠ કેવળીભગવાનની જાત સાથે સરખાવી છે. ધર્મીની

અનુભવદશા શું છે ને નિર્વિકલ્પઅનુભવ વખતની સ્થિતિ કેવી છે, એ સમજે તો પોતાને અંતરમાં ભેદજ્ઞાન થાય ને આત્માનો પત્તો લાગે. વિકલ્પ વડે આત્મા હાથમાં ન આવે, વિકલ્પથી જુદું પડી જ્ઞાન આમ અંતરમાં વળે છે ત્યારે તે જ્ઞાનમાં આત્મા અનુભવાય છે. તેમાં પરમ સમાધિ છે, તેમાં પરમ શાંતિ છે, તેમાં જીવનું સાચું જીવન છે. આત્મા જેવો હતો તેવો તેમાં પ્રસિદ્ધ થયો; આત્મા પોતાના પરમ–સ્વભાવે પ્રસિદ્ધ થયો તેથી તેને પરમ–આત્મા કહ્યો. ચોથા ગુણસ્થાનની આ વાત છે. આવી અનુભૂતિ થતાં જ્ઞાનને વિકલ્પ સાથેનું કર્તાકર્મપણું છૂટી ગયું. હું–જ્ઞાન કર્તા, ને વિકલ્પ મારું કાર્ય એવી કર્તાકર્મબુદ્ધિ છૂટી ગઈ, ને જ્ઞાન જ્ઞાનમાં જ તન્મય થઈને પરિણમ્યું. આસ્રવથી છૂટીને સંવરરૂપ પરિણમ્યું. –ત્યાં બધા ઝગડા મટી ગયા, બધા કલેશ છૂટી ગયા, જ્ઞાન સમસ્ત વિકલ્પજાળથી છૂટીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં ગુપ્ત થયું. આવા પરમશાંતચિત્તરૂપ થઈને જ્ઞાની પોતાના શુદ્ધ આત્માને સાક્ષાત્ અનુભવે છે.

* જેમ કેવળીભગવાન પક્ષાતિક્રાન્ત છે તેમ શ્રુતજ્ઞાની પણ પક્ષાતિક્રાન્ત છે. –તે વાત સમજાવી છે. વાહ! નિર્વિકલ્પ અનુભૂતિનો મહિમા કેવો ઊંડો અને ગંભીર છે કે શ્રુતજ્ઞાની–સાધકની અનુભૂતિનું સ્વરૂપ સમજાવવા માટે આચાર્યદેવે કેવળીભગવાનનું ઉદાહરણ આપ્યું, ને એમની સાથે સાધકની અનુભૂતિને સરખાવી. જેમ કેવળીભગવાન તો કેવળજ્ઞાનવડે સમસ્ત વિશ્વના સાક્ષી થયા છે, એટલે નયપક્ષના પણ તેઓ સાક્ષી જ છે, તેમને કોઈ વિકલ્પ ઊઠતો નથી; સાધકશ્રુતજ્ઞાનીને હજી ક્ષયોપશમની ભૂમિકા હોવાથી શ્રુતસંબંધી વિકલ્પો ઉત્પન્ન થાય છે પરંતુ તેને તે વિકલ્પના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો છે, ઉપયોગને વિકલ્પથી છૂટો પાડીને જ્ઞાનસ્વભાવના ગ્રહણ તરફ ઝુકાવ્યો છે, એટલે તે સ્વભાવ તરફનો જ ઉત્સાહ છે ને વિકલ્પો તરફનો ઉત્સાહ નથી.

* જેમ કેવળીભગવાન નયપક્ષના કોઈ વિકલ્પને કરતા નથી, વિશ્વના સાક્ષી છે તેમ નયપક્ષના સાક્ષી જ છે, સાક્ષીપણે કેવળ જાણે જ છે; તેમ શ્રુતજ્ઞાની પણ નયપક્ષના કોઈ વિકલ્પને જ્ઞાનના કાર્યપણે કરતા નથી, પણ તેના સ્વરૂપને કેવળ જાણે જ છે. આ વિકલ્પથી અંશમાત્ર મને લાભ થશે કે વિકલ્પ વડે સ્વરૂપનો અનુભવ પમાશે એવી બુદ્ધિ સર્વથા છૂટી ગઈ છે એટલે વિકલ્પના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો છે, તેથી તેના સાક્ષી થઈને સ્વભાવના ગ્રહણ તરફ પરિણતિ ઝૂકી ગઈ છે.

* કેવળીભગવાન નિરંતર પ્રકાશમાન સહજ કેવળજ્ઞાનવડે પોતે સદા વિજ્ઞાનઘન થયા છે, શ્રુતજ્ઞાની પણ પોતાની તીક્ષ્ણજ્ઞાનદ્રષ્ટિ વડે એટલે કે સ્વસન્મુખ ઉપયોગવડે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરીને તે કાળે વિજ્ઞાનઘન થયા છે. સાધકને આવી અનુભૂતિ સદાકાળ નથી ટકતી તેથી એમ કહ્યું કે તે અનુભૂતિના કાળે વિજ્ઞાનઘન થયા છે. કેવળીભગવાનને તો કદી વિકલ્પ ઊઠતો નથી, એટલે તે તો સદાકાળ વિજ્ઞાનઘન થયા છે; ને શ્રુતજ્ઞાની તીક્ષ્ણ જ્ઞાનઉપયોગવડે ચૈતન્યસ્વરૂપને અનુભવતા થકા તે કાળે વિજ્ઞાનઘન થયા છે. 'વિજ્ઞાનઘન' માં વિકલ્પનો પ્રવેશ નથી.

* કેવળીભગવાન તો શ્રુતજ્ઞાનની ભૂમિકાથી અતિક્રાન્ત થઈ ગયા છે, એટલે એમને તો વિકલ્પ ક્યાંથી હોય? શ્રુતજ્ઞાન હોય ત્યાં વિકલ્પ હોઈ શકે, કેમકે શ્રુતજ્ઞાન એક જ જ્ઞેયમાં લાંબોકાળ સ્થિર રહી શકતું નથી. પણ કેવળી પ્રભુને તો શ્રુતજ્ઞાન જ નથી રહ્યું. તેમને તો સ્થિર ઉપયોગરૂપ કેવળજ્ઞાન ખીલી ગયું છે, તેથી તેમને વિકલ્પનો અવકાશ નથી; શ્રુતજ્ઞાનીને શ્રુતની ભૂમિકામાં જોકે વિકલ્પ હોય છે પણ જ્ઞાનને અંતર્મુખ કરીને અનુભૂતિના કાળે તો તે પણ સમસ્ત વિકલ્પોની ભૂમિકાથી અતિક્રાન્ત થયા છે; હજી શ્રુતની ભૂમિકાથી અતિક્રાન્ત નથી થયા પણ તે ભૂમિકાના બધા વિકલ્પોથી અતિક્રાન્ત થઈને નિર્વિકલ્પ અનુભૂતિ વડે શાંતચિત્ત થઈને ચૈતન્યના અમૃતને પીએ છે.

* આ રીતે, જેમ કેવળીભગવાન સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર હોવાથી નયાતિક્રાન્ત છે, તેમ સાધક શ્રુતજ્ઞાની પણ સ્વભાવની અનુભૂતિના કાળે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, માટે તે પણ નયાતિક્રાન્ત છે. જોકે પછી જે વિકલ્પ ઊઠે છે તેનું પણ તેની દ્રષ્ટિમાં ગ્રહણ નથી, તેમાં એકત્વબુદ્ધિ થતી નથી; પણ તે વિકલ્પનેય જ્યારે ઓળંગીને જ્ઞાનને અંતર્મુખ કરે ત્યારે જ સાક્ષાત્ અનુભૂતિનો આનંદ આવે છે. તેનું અહીં આચાર્યભગવાને અલૌકિક વર્ણન કર્યું છે.

અનુભૂતિની ઘણી સરસ વાત સમજાવી છે. અનુભવ બધા વિકલ્પોથી પાર છે, –પછી ભલે તે વિકલ્પ શુદ્ધાત્માનો હોય! જેમ કેવળીને વિકલ્પ નહિ તેમ સાધકને પણ અનુભવમાં વિકલ્પ નહિ. વિકલ્પ તો આકુળતા છે, ને અનુભવ તો પરમ...શાંત આનંદરૂપ છે. સાધકની અનુભવદશા ઘણી ઊંડી ને ગંભીર છે. એનું સ્વરૂપ કેવળીનું દ્રષ્ટાંત આપીને ઓળખાવ્યું છે, તે પ્રમાણે જે સમજે તેને તેવી અનુભૂતિ થાય.

# આત્મપ્રયોજનની સિદ્ધિનો ઉપાય

**[ કુંદકુંદપ્રભુના ગણધરતૂલ્ય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, તેમણે રચેલું સુગમશાસ્ત્ર જે પુરુષાર્થસિદ્ધિઉપાય' -તેના ઉપર પૂ. શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો માગશર-પૂર્ણિમાથી શરૂ થયા છે. અહીં તેનો થોડોક ભાગ વાંચીને જિજ્ઞાસુ પાઠકોને આનંદ થશે. ]**

**'પુરુષાર્થ' એટલે આત્મ-પ્રયોજન, તેની 'સિદ્ધિનો ઉપાય' -તે પુરુષાર્થસિદ્ધિઉપાય; કયા ઉપાય વડે આત્માના પ્રયોજનની સિદ્ધિ થાય ? અર્થાત્ કયા ઉપાય વડે આત્મા પરમસુખરૂપ મોક્ષની સિદ્ધિને પામે-તેનું સ્વરૂપ આચાર્યદેવ બતાવે છે –**

विपरीताभिनिवेशं निरस्य सम्यक्व्यवस्य निजतत्त्वम्।
यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्धयुपायोयम् ।।१५।।

વિપરીત શ્રદ્ધાનનો નાશ કરીને અને નિજસ્વરૂપને યથાર્થપણે જાણીને, તેમાં અવિચલિતરૂપ સ્થિતિ તે જ પુરુષાર્થની સિદ્ધિનો ઉપાય છે.

'પુરુષ' એટલે ચૈતન્યસ્વરૂપ આત્મા; દરેક આત્મા પોતાના અનંત ગુણરૂપી પુરમાં શયન કરે છે –એકપણે રહે છે –તેથી તે પુરુષ છે. તે પુરુષનું લક્ષણ શું ? કે ચેતના તેનું લક્ષણ છે. રાગ એનું લક્ષણ નથી, દેહ એનું લક્ષણ નથી; માત્ર 'અમૂર્તપણા' વડે પણ તેનું ખરું સ્વરૂપ ઓળખાતું નથી. એ તો ચૈતન્યલક્ષણવડે લક્ષિત છે. અને આ ચૈતન્યપુરુષ આત્મા સદા પોતાના ગુણ–પર્યાયસહિત છે, તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવની એકતાપણે વર્તે છે. આવો ચૈતન્યસ્વરૂપ આત્મા તે 'પુરુષ'; તેને 'અર્થ' એટલે કે પ્રયોજન શું ? કે અશુદ્ધતાથી ઉત્પન્ન થયેલું ભવદુઃખ મટે, ને નિજસ્વરૂપની પ્રાપ્તિવડે મોક્ષસુખ પ્રગટે, –તે પ્રયોજન છે; –આ જ સાચો પુરુષાર્થ છે; પુરુષના આ અર્થની ( –પ્રયોજનની

સિદ્ધિ કેવા ઉપાયથી થાય? તે કહે છે. પોતાનું જેવું શુદ્ધ ચેતનાસ્વરૂપ છે તે સ્વરૂપના સમ્યક્ નિર્ણયવડે વિપરીત માન્યતાને નષ્ટ કરવી ને નિજસ્વરૂપમાં અચલિતપણે સ્થિર રહેવું–આવું જે સ્વસંવેદનજ્ઞાનપરિણમન તે ઉપાય છે, –તે મોક્ષમાર્ગ છે; તેના વડે જ આત્માનું પ્રયોજન સાધી શકાય છે.

જુઓ, આ આત્માનું પ્રયોજન અને તેની સિદ્ધિનો ઉપાય, –બંને બતાવ્યા. પ્રથમ તો પોતાના સ્વરૂપની શુદ્ધતા તે જ પ્રયોજન છે, એ સિવાય રાગાદિને જે પ્રયોજન માને, પુણ્યને કે બહારના સંયોગને જે ઇચ્છે, તેને તો પોતાના સાચા પ્રયોજનની જ ખબર નથી, તો તેને સાધે કઈ રીતે?

અને, આત્માની શુદ્ધતારૂપ જે પ્રયોજન, તેની પ્રાપ્તિનો ઉપાય પોતાના સ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન–લીનતા જ છે, તે પણ રાગ વગરના છે; જે રાગને ઉપાય માને તેણે સાચા ઉપાયને જાણ્યો નથી. ભાઈ, તું કોણ? તારું પ્રયોજન શું? ને તેની સિદ્ધિનો ઉપાય શું? – તે જાણ.

* તું કોણ? કે ચેતનાસ્વરૂપ જીવ. –પોતાના અનંત ગુણપર્યાયો સહિત, ને ઉત્પાદ –વ્યય–ધ્રુવતા સહિત–આવો ચૈતન્યસ્વરૂપ જીવ તું છો.

* તારું પ્રયોજન શું? પોતે પોતાના ચૈતન્યસ્વરૂપમાં લીન થઈને, સર્વ વિભાવરહિત સંપૂર્ણ શુદ્ધતારૂપે પરિણમે–એટલે પૂરું સુખ પ્રગટે, તે જ આત્માનું પ્રયોજન છે.

* તેની સિદ્ધિનો ઉપાય શું? –કે પરથી ભિન્ન, ને સર્વ વિભાવરહિત, પોતાનું જેવું શુદ્ધ ચેતનાસ્વરૂપ છે–તેવું સમ્યક્પણે ઓળખીને, શ્રદ્ધા–જ્ઞાન કરીને, તે નિજસ્વરૂપમાં નિષ્કંપપણે લીન થવું –તે પ્રયોજનની સિદ્ધિનો ઉપાય છે.

આ રીતે 'પુરુષ' –તેનો 'અર્થ' (પ્રયોજન) અને 'સિદ્ધિનો ઉપાય' –તેનું વર્ણન કરીને 'પુરુષાર્થસિદ્ધિઉપાય' નો અર્થ સમજાવ્યો. –તેનું આમાં વર્ણન છે એટલે કે મોક્ષના ઉપાયનું વર્ણન છે. રત્નત્રયરૂપ જેટલા શુદ્ધ અંશો છે તે જ મોક્ષનો ઉપાય છે, અને જેટલા રાગાદિ અશુદ્ધ અંશો છે તે મોક્ષમાર્ગ નથી, પણ બંધનું કારણ છે. આવા મોક્ષ અને બંધના ઉપાયોને ભિન્નભિન્ન સ્વરૂપે બરાબર ઓળખવા જોઈએ. તે ઓળખીને જે સાચી શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન, તે મોક્ષમાર્ગનું મૂળ છે, તે સમ્યગ્દર્શનપૂર્વક જ જ્ઞાનને અને ચારિત્રને મોક્ષમાર્ગપણું છે, એના વગરનાં જ્ઞાન કે ચારિત્ર સાચાં હોતા નથી. આ રીતે

મૂળભૂત સમ્યગ્દર્શનની વાત કરીને પછી મુનિધર્મની કે શ્રાવકધર્મની વાત બતાવશે. આવા રત્નત્રયમાર્ગને મુનિવરો તો ઉત્તમ પ્રકારે નિરંતર સેવી રહ્યા છે, તેમની વૃત્તિ પરિણતિ તો અલૌકિક હોય છે; ને શ્રાવક ધર્માત્માઓ પણ પોતાની શક્તિના પ્રમાણમાં આવા જ રત્નત્રયરૂપ માર્ગને સેવે છે. –ભલે તેમને મુનિ જેટલી ઉત્કૃષ્ટ દશા ન હોય પરંતુ તેઓ પણ સેવે છે તો મુનિના જેવા જ રત્નત્રયમાર્ગને, તેઓ કાંઈ બીજા માર્ગને સેવતા નથી. રત્નત્રયથી વિરુદ્ધ એવા રાગાદિ અશુદ્ધ ભાવોને જે મોક્ષઉપાય માને તેને તો મોક્ષમાર્ગના સ્વરૂપની જ ખબર નથી, તત્ત્વશ્રદ્ધાન જ સાચું નથી; અને જ્યાં તત્ત્વશ્રદ્ધાન જ સાચું ન હોય ત્યાં તો શ્રાવકધર્મ કે મુનિધર્મ એકેય હોતાં નથી. માટે રાગ વગરના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ ઓળખીને પ્રયત્નપૂર્વક તેનું સેવન કરવું, –એ જ મુનિધર્મ તથા શ્રાવકધર્મને ઉપાસવાની રીત છે. –મુનિને તેની ઉગ્ર આરાધના હોય છે, શ્રાવકને તેની મંદ આરાધના હોય છે, –પણ માર્ગ તો બંનેનો એક જ છે.

પુરુષાર્થ એટલે મોક્ષરૂપી પ્રયોજન, તેની સિદ્ધિ કેમ થાય? તેની વાત છે. આત્માનો જે શુદ્ધ ભૂતાર્થસ્વભાવ, કે જે ખરેખર વિકારથી ભિન્ન હોવા છતાં અજ્ઞાનીને વિકારવાળો જ અનુભવાય છે, તે ભૂતાર્થસ્વભાવની સન્મુખતા એ મોક્ષનું બીજ છે; અને તે ભૂતાર્થસ્વભાવથી વિમુખ પરિણામ તે સંસાર છે.

કર્મ અને કર્મ તરફના ભાવોથી રહિત, ને પોતાના અનંતગુણ સહિત એવો જે ચૈતન્યપુરુષ, તેના ભૂતાર્થ–સત્ય સ્વભાવને યથાર્થપણે જાણવો શ્રદ્ધવો અને તેમાં અવિચલ રહેવું–તે મોક્ષનો ઉપાય છે. –આવા મોક્ષઉપાયને સાધનારા મુનિઓની વૃત્તિ અલૌકિક હોય છે; અરે, સમ્યગ્દ્રષ્ટિની પરિણતિ પણ કોઈ અલૌકિક હોય છે.

મોહ–રાગ–દ્વેષરૂપ વિકારીભાવ તો સંસારનું કારણ છે; તે સંસારના કારણને જે આત્માનું સ્વરૂપ માને તો તે વિપરીત શ્રદ્ધા છે. સંસારના કારણરૂપ ભાવને પોતાનું સ્વરૂપ માને તો તેનું સેવન છોડીને મોક્ષનો ઉપાય ક્યાંથી કરે? વિકલ્પના એક અંશથી પણ આત્માને જે લાભ માને છે તે સંસારના જ કારણને સેવે છે. વિકલ્પ થાય–ભલે તે શુભ હોય તોપણ–તે સ્વરૂપથી ચ્યૂત છે, જ્ઞાની તેને પોતાનું સ્વરૂપ નથી માનતા. એનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપને જાણીને તેમાં અચ્યુત રહેવાના ઉદ્યમી છે. પણ શ્રદ્ધા જ જેની ખોટી છે, શુદ્ધસ્વરૂપનું જ્ઞાન જ જેને નથી, તે શેમાં સ્થિતિ કરશે? પહેલાં સાચું સ્વરૂપ

જાણે તો તેમાં અવિચલ સ્થિતિ કરે. માટે ભૂતાર્થ સ્વભાવ અનુસાર સાચું જ્ઞાન તો પહેલાં જ કરવું જોઈએ. ભલે સમજાવતાં વચ્ચે ભેદથી કહ્યું કે 'જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા છે' –પણ ત્યાં કાંઈ ગુણ–ગુણીનો ભેદ અનુસરવા જેવો નથી પણ અભેદ આત્મસ્વભાવ લક્ષમાં લેવાનો છે. ઉપદેશકને પણ એ સ્વભાવ બતાવવાનો જ આશય છે, ને શ્રોતાએ પણ તેનું જ લક્ષ રાખીને શ્રવણ કરવું. –આ રીતે જે પરમાર્થને ન સમજે ને એકલા ભેદરૂપ વ્યવહારને જ પરમાર્થ સમજીને તેમાં (વિકલ્પમાં) અટકી જાય તો તે સાચો શ્રોતા નથી, ઉપદેશનું પરમાર્થ રહસ્ય તે સમજ્યો નથી.

પરભાવથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણવું–શ્રદ્ધામાં લેવું ને તેમાં રાગરહિત સ્થિતિ કરવી–આવા જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે, એટલે તે જ એક મોક્ષમાર્ગ છે; બીજો કોઈ માર્ગ નથી, બીજો કોઈ સિદ્ધિનો ઉપાય નથી, – સર્વથા નથી; એટલે શુભરાગ જરાક તો મોક્ષનું સાધન થતો હશે ને ? તો કહે છે કે ના, તે મોક્ષનું સાધન સર્વથા નથી, જરાપણ નથી. શુદ્ધ સ્વભાવને અવલંબીને જે રાગવગરના નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ સર્વથા પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે, સર્વથા એટલે તે એક જ મોક્ષનો ઉપાય છે.




* માગશર વદ ૯ ના રોજ સુરેન્દ્રનગરમાં શેઠશ્રી ફૂલચંદ ચતુરભાઈના સુપુત્ર શ્રી ચંદુલાલ ફૂલચંદ સ્વર્ગવાસ પામ્યા છે.
* માગશર વદ ૧૪ ના રોજ મોટી મોણપરીના ભાઈશ્રી પોપટલાલ કેશવલાલ કામદાર સ્વર્ગવાસ પામ્યા છે.

**જિનશાસનના શરણે તેઓ આત્મહિત સાધે એમ ઇચ્છીએ છીએ.**




## ગતાંકના પ્રશ્નોના જવાબ

(૧) જીવ અને શરીર એ બેમાં શું ફેર? જીવ ચેતન છે, શરીર અચેતન છે; જીવમાં જ્ઞાન છે; શરીરમાં જ્ઞાન નથી. જીવ બધાને જાણે છે; શરીર કાંઈ જાણતું નથી.

(૨) શરીરની ક્રિયા જીવ છે કે અજીવ? શરીરની ક્રિયા અજીવ છે; કેમકે શરીર પણ અજીવનું બનેલું છે. અજીવની ક્રિયા અજીવ હોય.

(૩) જીવનો ધર્મ જીવની ક્રિયા વડે થાય કે અજીવની ક્રિયા વડે? જીવનો ધર્મ જીવની ક્રિયાવડે થાય, અજીવની ક્રિયાવડે જીવનો ધર્મ ન થાય.

આ પ્રમાણે જીવ અને અજીવની ભિન્નતા સમજીને ભેદજ્ઞાન કરવું –તે દરેક જીવને ખાસ જરૂરી છે.

(૪) જયપુરમાં ૨૦૦ વર્ષ પહેલાં પં. ટોડરમલજી નામના એક મહાન વિદ્વાન થયા; તેમણે રચેલું મોક્ષમાર્ગપ્રકાશક શાસ્ત્ર ખુબ પ્રસિદ્ધ છે. એ ઉપરાંત ગોમ્મટસાર જેવા મહાન શાસ્ત્રોની પણ તેમણે હિંદી ટીકા કરી છે. તેમના દ્વિશતાબ્દિ–ઉત્સવ પ્રસંગે ગુરુદેવ જયપુર પધારી રહ્યા છે.

(નવા પ્રશ્નો આ વખતે પૂછયા નથી.)

## જવાબ મોકલનાર સભ્યોના નંબર

૮૮૪ ૮૮૫ ૧૦૪૭ ૮૮૩ ૨૯૬ ૧૧૬૫ ૧૧૬૬ ૧૧૭૨ ૯૦૯ ૧૬૯૩ ૪૯ ૪૩૧ ૪૩૨ ૮૨ ૨૪૬ ૨૫૩ ૧૨૪૭ ૧૫૯૯ ૧૩૫ ૧૧ ૨૭૭ ૩૨૦ ૧૪૦૨ ૨૩૦ ૧૬૭૨ ૧૪૦૯ ૨૭૨ ૧૩૮૬ ૭૨૯ ૩૬૫ ૩૯૩ ૧૩૩૩ ૮૦ ૨૭૮ ૯૮૪ ૧૯૦ ૩૭૨ ૮૧ ૫૧૪ ૧૨૨૮ ૧૨૨૯ ૧૨૩૫ ૭૭૮ ૧૭૯ ૧૫૭૫ ૫૪૨ ૧૫૬૫ ૭૩૩ ૭૩૫ ૯૭૯ ૩૪૭ ૪૬૭ ૩૮૫ ૧૧૭૮ ૧૧૭૯ ૧૩૩૨ ૩૨૩ ૨૯૭ ૫૧૩ ૧૩૩૩ ૧૩૩૪ ૩૯૨ ૨૯૨ ૧૬૬ ૧૬૧૧ ૪૫ ૧૪૩ ૫૬ ૧૧૧૬ ૧૪૮૧ ૬૬૬ ૬૬૭ ૧૩૪૨ ૮૮૦ ૧૨૯ ૩૭૩ ૧૬૪૮ ૭૪૦ ૫૩૩ ૫૩૪ ૧૩૨૨ ૪૦ ૨૧૮ ૬૬ ૩૨૫ ૮૦૯ ૧૩૦૭ ૧૧૭ ૪૪૫ ૧૦૦૮ ૧૬૨૪ ૧૬૨૫ ૩૭૯ ૩૧ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૧૬૯૮ ૧૧૨ ૧૬૪૨ ૧૬૪૦ ૧૬૪૧ ૧૬૪૩ ૧૬૩૯ ૩૦ ૨૮ ૨૬ ૧૧૩ ૧૬૬૧ ૬૮ ૩૭૮ ૪૬૬ ૧૫૮૮ ૧૬૯૩ ૧૧૭૩ ૧૬૯૪ ૧૬૯૫ ૧૬૯૬ ૧૬૯૭ ૧૬૩૯ ૧૬૪૦ ૧૬૪૧ ૧૬૪૨ ૧૬૪૩ ૨૧૫

“ભરવાડમાંથી ભગવાન” (કુંદકુંદસ્વામીનું જીવન) –તેનો ચોથો લેખ આ અંકે સ્થળસંકોચને કારણે આપી શકાયો નથી. તેમજ વાંચકો સાથે વાતચીત (તત્ત્વચર્ચા) નો વિભાગ પણ આપી શકાયો નથી.

## * અમે જિનવરનાં સંતાન: ( બાલવિભાગના નવા સભ્યો ) *

આપણા બાલવિભાગનો પરિવાર દિનપ્રતિદિન વૃદ્ધિગત થઈ રહ્યો છે. બાળકો આનંદથી ધાર્મિક અભ્યાસમાં રસ લઈ રહ્યાં છે...બંધુઓ, સૌને એકબીજાના ધર્મબંધુ ( કે બહેન ) ગણીને અરસપરસ ધર્મપ્રેમ વધારજો.

જય જિનેન્દ્ર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૭૧૬ | વાસંતીબેન પી. | જૈન | રાજકોટ | ૧૭૪૨ | ચારૂશીલા ચીમનલાલ | જૈન | મુંબઈ–૭૭ |
| ૧૭૧૭ | ઉષાબેન પી. | ” | રાજકોટ | ૧૭૪૩ | કમલેશ બળવંતરાય | ” | મુંબઈ–૩ |
| ૧૭૧૮ | પ્રકાશ વૃજલાલ | ” | વઢવાણ સીટી | ૧૭૪૪ | વર્ષાબેન ચીમનલાલ | ” | અમદાવાદ |
| ૧૭૧૯ | રમેશ વૃજલાલ | ” | વઢવાણ સીટી | ૧૭૪૫ | હરેશકુમાર અમૃતલાલ | ” | મુંબઈ–૭૭ |
| ૧૭૨૦ | નવનીતલાલ મીઠાલાલ | ” | ભાલક | ૧૭૪૬ | નીતીનકુમાર કાન્તીલાલ | ” | કુકરવાડા |
| ૧૭૨૧ | યોગેશ ધીરજલાલ | ” | કલકત્તા | ૧૭૪૭ | મીનાક્ષીબેન કાંતીલાલ | ” | વઢવાણ સીટી |
| ૧૭૨૨ | જાગૃતીબેન પ્રવીણચંદ | ” | મુંબઈ–૧ | ૧૭૪૮ | મહેન્દ્ર ચત્રભુજ | ” | વઢવાણ સીટી |
| ૧૭૨૩ | બીપીનચંદ વૃજલાલ | ” | વઢવાણ સીટી | ૧૭૪૯ | ધીરેન્દ્રકુમાર રમણીકલાલ | ” | જમશેદપુર |
| ૧૭૨૪ | પ્રકાશ વૃજલાલ | ” | વઢવાણ સીટી | ૧૭૫૦ | હરસાબેન રમણીકલાલ | ” | જમશેદપુર |
| ૧૭૨૫ | રમેશ વૃજલાલ | ” | વઢવાણ સીટી | ૧૭૫૧ | મુકેશ રમણીકલાલ | ” | જમશેદપુર |
| ૧૭૨૬ | મીનાબેન કાંતિલાલ | ” | ભાવનગર | ૧૭૫૨ | રૂપાબેન રમણીકલાલ | ” | જમશેદપુર |
| ૧૭૨૭ | કમલેશ કાંતિલાલ | ” | ભાવનગર | ૧૭૫૩ | પૂર્ણીમા ચીમનલાલ | ” | જમશેદપુર |
| ૧૭૨૮ | કીર્તીકુમાર ફુલચંદ | ” | મુંબઈ–૭૭ | ૧૭૫૪ | રજનીકાન્ત મગનલાલ | ” | મઉ |
| ૧૭૨૯ | ઉર્મીલાબેન કીર્તીકુમાર | ” | મુંબઈ–૭૭ | ૧૭૫૫A | વિજયકુમાર રમણીકલાલ | ” | વાંકાનેર |
| ૧૭૩૦ | વીરાબેન કીર્તીકુમાર | ” | મુંબઈ–૭૭ | ૧૭૫૫B | કમલિની રમણીકલાલ | ” | વાંકાનેર |
| ૧૭૩૧ | ઇનાબેન કીર્તીકુમાર | ” | મુંબઈ–૭૭ | ૧૭૫૬ | વિભાબેન અમરચંદ | ” | વાંકાનેર |
| ૧૭૩૨ | વિભાબેન અમરચંદ | ” | વાંકાનેર | ૧૭૫૭ | કિર્તીદાબેન અમરચંદ | ” | વાંકાનેર |
| ૧૭૩૩ | કીર્તીદા અમરચંદ | ” | વાંકાનેર | ૧૭૫૮ | હસમુખલાલ ચંદુલાલ | ” | વાંકાનેર |
| ૧૭૩૪ | નરેન્દ્રકુમાર સી. | ” | મુંબઈ–૬૭ | ૧૭૫૯ | હસમુખલાલ ડાયાલાલ | ” | બોરીવલી |
| ૧૭૩૫ | ભરતકુમાર સી. | ” | મુંબઈ–૬૭ | ૧૭૬૦ | મંદાકિની સુખલાલ | ” | રાજકોટ |
| ૧૭૩૬ | જીતેન્દ્રકુમાર સી. | ” | મુંબઈ–૬૭ | ૧૭૬૧ | નૈનાબેન મનહરલાલ | ” | મુંબઈ–૧ |
| ૧૭૩૭ | અશોકકુમાર સી. | ” | મુંબઈ–૬૭ | ૧૭૬૨ | ધનેન્દ્ર મનહરલાલ | ” | મુંબઈ–૧ |
| ૧૭૩૮ | જાગૃતીબેન સી. | ” | મુંબઈ–૬૭ | ૧૭૬૩ | નરેન્દ્ર મનહરલાલ | ” | રાજકોટ |
| ૧૭૩૯ | મીરાબેન ભાયલાલ | ” | મુંબઈ–૬૭ | ૧૭૬૪ | ભુપેન્દ્રકુમાર અમૃતલાલ | ” | રાજકોટ |
| ૧૭૪૦ | ચંદ્રકાંત મનસુખલાલ | ” | વીંછીયા | ૧૭૬૫ | મુકેશકુમાર અમૃતલાલ | ” | રાજકોટ |
| ૧૭૪૧ | ઇન્દુમતી ન. | ” | લાઠી | ૧૭૬૬ | સંજયકુમાર અમૃતલાલ | ” | રાજકોટ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૬૭ | સ્વાતિ ભગવાનજી | જૈન | જામનગર |
| ૧૭૬૮ | ધર્મેન્દ્ર નગીનદાસ | ” | મુંબઈ–૧ |
| ૧૭૬૯ | સરોજબેન નગીનદાસ | ” | જાંબુડી |
| ૧૭૭૦ | નીકાબેન નગીનદાસ | ” | જાંબુડી |
| ૧૭૭૧ | કોકીલાબેન અમૃતલાલ | ” | ખેડબ્રહ્મા |
| ૧૭૭૨ | રમેશચંદ્ર પુનમચંદ | ” | ખેડબ્રહ્મા |
| ૧૭૭૩ | નીરૂપમા પ્રવીણચંદ્ર | ” | રાજકોટ |
| ૧૭૭૪ | રેણુકાબેન પ્રવીણચંદ્ર | ” | રાજકોટ |
| ૧૭૭૫ | ચેતન ચમનલાલ | ” | નાગપુર |
| ૧૭૭૬ | મીનાબેન ચમનલાલ | ” | નાગપુર |
| ૧૭૭૭ | પુનીત મનહરલાલ | ” | રાજકોટ |
| ૧૭૭૮ | ભરતકુમાર મનહરલાલ | ” | રાજકોટ |
| ૧૭૭૯ | નીતાબેન મનહરલાલ | ” | રાજકોટ |
| ૧૭૮૦ | રાજેશકુમાર રજનીકાન્ત | ” | ભાવનગર |
| ૧૭૮૧ | ભાવીકકુમાર રજનીકાન્ત | ” | ભાવનગર |
| ૧૭૮૨ | સુનંદાબેન રજનીકાન્ત | ” | ભાવનગર |
| ૧૭૮૩ | બળવંતરાય એ. | ” | મોરબી |
| ૧૭૮૪ | સુધાકુમારી એ. | ” | મોરબી |
| ૧૭૮૫ | નીતિનકુમાર એ. | ” | મોરબી |
| ૧૭૮૬ | જ્યોત્સનાકુમારી એ. | ” | મોરબી |
| ૧૭૮૭ | ઇન્દુકુમારી એ. | ” | મોરબી |
| ૧૭૮૮ | અશોકકુમાર એ. | ” | મોરબી |
| ૧૭૮૯ | વિભાકુમારી બી. | ” | મોરબી |
| ૧૭૯૦ | ચંદ્રીકાબેન બી. | ” | મોરબી |
| ૧૭૯૧ | હર્ષીકાબેન બી. | ” | મોરબી |
| ૧૭૯૨ | ચાંદનીબેન બી. | ” | મોરબી |
| ૧૭૯૩ | સંજયકુમાર બી. | ” | મોરબી |
| ૧૭૯૪ | રમેશકુમાર બી. | ” | મોરબી |

( બાકીનાં નામો આવતા અંકે )

## સમાચાર અને કાર્યક્રમ

ગત કારતક–માગશર માસમાં ગુરુદેવ અમદાવાદ, વડોદરા, મીયાંગામ તથા પાલેજ અને પાછા ફરતાં અમદાવાદ તથા બરવાળા–એ દરેક ગામે પધાર્યા હતા, ને દરેક ગામે આનંદથી કાર્યક્રમ ઉજવાયા હતા. પાલેજમાં જિનમંદિરના દશવર્ષિય ઉત્સવ નિમિત્તે રત્નત્રયમંડલવિધાન પૂજન થયું હતું, તેમજ ભક્તિ રથયાત્રા વગેરે પણ ઉત્સાહપૂર્વક થયા હતા. પાલેજના ભાઈઓને ઘણો ઉત્સાહ હતો. તેમજ આસપાસથી ઘણા માણસો પ્રવચનનો લાભ લેતા હતા. ૪૭ શક્તિનાં પ્રવચનનું પુસ્તક ‘આત્મવૈભવ” તેનું મૂરત અહીં માગશર સુદ ૧૧ ના રોજ થયું હતું. માગશર સુદ ૧૪ ના રોજ ગુરુદેવ સોનગઢ પધાર્યા હતા. સવારે પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર તથા બપોરે કર્તાકર્મ અધિકાર ઉપર સુંદર પ્રવચનો ચાલે છે. રાત્રે પણ અનેક વિશિષ્ટ ચર્ચાઓ થાય છે.

હવે આ પોષ સુદ ૧૨ સોનગઢથી અમરાપુર; ૧૩ થી લાઠી ( ચાર દિવસ ); વદ ૩–૪ અમરેલી ( બે દિવસ ) વદ ૫ થી ૮ જસદણમાં વેદીપ્રતિષ્ઠા; વદ ૯ થી મહા સુદ ૧ મોટા આંકડિયામાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા; સુદ ૨–૩ રાણપુર; સુદ ૪ થી ૧૧ હિંમતનગરમાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા. મહા સુદ ૧૨ અમદાવાદ થઈને સોનગઢ; સુદ ૧૩ થી વદ ૧ ભાવનગર; ત્યારબાદ અમદાવાદ – હિંમતનગર – આબુ – પાલી – કિસનગઢ – કુચામન – લાડનુ અને સીકર થઈને જયપુર તા. ૬ માર્ચ મહા વદ ૧૧ પધારશે; ત્યાં વેદીપ્રતિષ્ઠા તથા પં. ટોડરમલ્લજી સ્મારકભવનનું ઉદ્ઘાટન અને દ્વિશતાબ્દિ–મહોત્સવ કરીને, સમ્મેદશિખરજીતીર્થની યાત્રા માટે ફાગણ સુદ ૬ તા. ૧૭ માર્ચના રોજ પ્રસ્થાન કરશે અને ફાગણ સુદ ૧૩ ના રોજ સમ્મેદશિખર પહોંચશે. બીજે દિવસે ( તા. ૨૫ ના રોજ ) તીર્થયાત્રા થશે.



# બાહિર નારકીકૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી

એ જીવ ! દેહાદિથી ભિન્ન શુદ્ધાત્માને જાણ ! –એમ વારંવાર ઉપદેશ દેવા છતાં જીવે તે ધ્યાનમાં લીધું નહિ, ને તીવ્ર પાપોમાં રચ્યોપચ્યો રહ્યો. તેથી મરીને ગયો... ક્યાં ? નરકમાં.

નરકમાં તે પાપનાં ફળમાં અનેક પ્રકારનાં અસહ્ય દુઃખો ભોગવતો હતો. પરમાધામીઓએ તેને પકડીને પરાણે તાંબાના ધગધગતા કોથળામાં પૂર્યો...અને પછી–

કોથળાનું મોઢું પેક કરીને લોખંડના મોટા ઘણથી પીટવા માંડયો, ને ચારેકોર તીક્ષ્ણભાલાથી વીંધવા લાગ્યા, નીચે અગ્નિની મોટી જ્વાળા કરીને કોથળો શેકવા માંડયો; એ વખતે અંદર બેઠેલા જીવને શું થતું હશે !!

કોથળામાં શેકાતા તે જીવને વિચાર જાગ્યો કે અરે ! આવાં દુઃખ ! ને આવું વેદન ! પૂર્વે મુનિઓએ મને શુદ્ધાત્માનું શ્રવણ કરાવેલું પણ મેં તે વખતે લક્ષમાં ન લીધું. ત્યારે આત્મહિતની દરકાર કરી હોત તો આ દુઃખ ન હોત...આવા વિચારથી પરિણામમાં વિશુદ્ધતા થવા લાગી... 'આ દુઃખથી જુદું મારું કોઈ તત્ત્વ અંદરમાં છે, –મને મુનિઓએ તે સંભળાવ્યું હતું.' –અને બીજી જ ક્ષણે–

કોથળામાં પુરાયેલા તે જીવને પોતાના શુદ્ધ ચૈતન્ય તત્ત્વની દૃષ્ટિ થઈ...દુઃખથી જુદું કોઈ અપૂર્વ સ્વસંવેદન પ્રગટયું...ઘણથી ટીપાવાના, ભાલાથી ભેદાવાના ને અગ્નિમાં શેકાવાના એ જ સંયોગો વચ્ચે એ કોથળામાં એને અતીન્દ્રિયસુખનું વેદન થયું ! 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે, અન્તર સુખરસ ગટાગટી.'

નરકમાં આવા સંયોગ વચ્ચે આ જીવ સમ્યક્ત્વ પામ્યો–ને સ્વઘરના પરમઆનંદનું વેદન કર્યું...તો હે જીવ ! તું...!!

**ચારગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ,**
**શુદ્ધાતમ ચિન્તન કરી, લે શિવસુખનો લ્હાવ.**

# વિપત્તિ વખતે શું કરવું ?

**પ્રશ્નઃ-** વિપત્તિ વખતે શું કરવું ?

**ઉત્તરઃ-** વિપત્તિ વખતે ધર્મને અને ધર્માત્માના જીવનને વિશેષપણે યાદ કરવા... ધર્માત્માઓ કેવી ઉત્તમ આરાધના કરે છે તે લક્ષમાં લઇને તેનો ઉત્સાહ વધારવો.

ગમે તેવી વિપત્તિમાં આત્મસ્વભાવને ન ભૂલવો.

ગમે તેવી વિપત્તિમાં ધર્મનું પાલન કરવું, સંયમની રક્ષા કરવી.

વિપત્તિ સદા રહેવાની નથી, ક્ષણમાં ટળી જવાની છે.

વિપત્તિથી ડર્યે વિપત્તિ ટળતી નથી પણ વધે છે.

વિપત્તિ વખતેય હિંમત ને ધૈર્યપૂર્વક ઉપાય કરતાં વિપત્તિ ટળે છે.

ધર્મ એ જ સંકટ સમયનો સાચો સાથી છે.

વિપત્તિના દુઃખ કરતાં સંયમના ઘાતનું કે આર્તધ્યાનનું દુઃખ વધારે છે; માટે હે જીવ! વિપત્તિથી ડરીને તું તારા ધર્મને ન છોડ...આર્તધ્યાન ન કર...ઉગ્રપણે સ્વભાવચિન્તનમાં ને દેવ-ગુરુ-ધર્મની સેવામાં તારું ચિત્ત જોડ.



વનવાસ વખતે ધર્મને યાદ કરીને સીતાજી સન્દેશ કહેવડાવે છે કે–
હે સારથિ! દશરથનંદનને કહેજો કે લોકનિંદાના ભયથી મને તો છોડી,
પરંતુ જિનધર્મને કદી ન છોડશો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન. અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર)